REGISTER NO. B. 156

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## The Jaina Dharma Prakasha.

शार्दूलविक्रीडितम्

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः ।
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनम् ॥
मान्यान् मानय विद्विषोऽप्यनुनय प्रच्छादय स्वान् गुणान् ।
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां लक्षणम् ॥

પુસ્તક ૨૨ મું. આશ્વિન સંવત ૧૯૬૨. અંક ૭ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વિષયાનુક્રમ.

૧ સુબોધ કાવ્યો. ૧૮૫
૨ શ્રીપાળરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ૧૮૭
૩ ચરચાપત્ર. ૧૯૬
૪ સજ્જન લક્ષણ. ૧૯૯
૫ સદુપદેશ સાર. ૨૦૫
૬ શેઠ પ્રેમચંદ રાયચંદનો સ્વર્ગવાસ. ૨૧૨
૭ મુનિ હંસવિજયજીના ઉપદેશથી થયેલ જીર્ણોદ્ધાર. ૨૧૮

અમદાવાદ-એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

ચોપાનીયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

## નવી બુકોની જાહેર ખબર.

અમારી તરફથી છપાયેલ વેચાણ બુકોનું લીસ્ટ તથા વધારા ઉપરાંત નીચે જણાવેલી બુકો પણ અમારી ઓફીસમાંથી મળીશકશે.

| | | |
|---|---|---|
| ઉપદેશ પ્રાસાદ ભાગ ૩ જો (સ્થંભ ૧૦ થી ૧૪ નું) ભાષાંતર. | શાસ્ત્રી | ૧—૮—૦ |
| ચરિતાવળી ભાગ૩જો (ચંપકશ્રેષ્ટી,રતિસાર,વત્સરાજ, નળદમયંતી, સ્થૂલભદ્ર, તથા સુરસુંદરીનાં ચરિત્રો) | ગુજરાતી | ૧--૦--૦ |
| દરેક ચરિત્રની છુટી નકલના ત્રણ ત્રણ આના. રાખેલા છે. | | |
| શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર.મૂળમાગધી પદ્યબંધ | શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પ્રતિક્રમણ હેતુ (સંસ્કૃત ગ્રંથનું ભાષાંતર) | ગુજરાતી. | ૦—૮—૦ |
| જૈન તત્ત્વાદર્શ પૂર્વાર્દ્ધ. | ,, | ૧—૦—૦ |
| સદર ઉત્તરાર્દ્ધ | ,, | ૧—૦—૦ |
| સમરાદિત્ય સંક્ષેપ. સંસ્કૃત શ્લોક બંધ. | શાસ્ત્રી | ૨—૮—૦ |
| જૈનમાર્ગ પ્રવેશિકા. | ગુજરાતી | ૦—૨—૦ |
| જૈનમાર્ગ પ્રારંભ પોથી. ભાગ ૧ લો | ,, | ૦—૧—૬ |
| શ્રાવિકા શિક્ષણ રહસ્ય. | ,, | ૦—૨—૦ |
| ગુણવર્માનો રાસ. (સત્તરભેદી પૂજા ઉપર) | ,, | ૧—૦—૦ |
| પ્રકરણમાળા. મૂળ (જીવવિચારથી કર્મગ્રંથ પર્યંત) | શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પયન્ના સંગ્રહ (ચઉસરણ વિગેરે અર્થ સહિત) | ,, | ૦—૪—૦ |
| અજ્ઞાન તિમિર ભાસ્કર. (બીજી આવૃત્તિ) | ,, | ૨—૮—૦ |
| નવ તત્ત્વનો સુંદર બોધ. | ગુજરાતી | ૦-૧૨—૦ |
| જીવ વિચાર વૃત્તિ. | ,, | ૦—૬—૦ |
| જૈન સ્તોત્ર સંગ્રહ પ્રથમ ભાગ. (બનારસ) | શાસ્ત્રી | ૦—૭—૦ |
| અષ્ટાધ્યાયી. (શ્રી સિદ્ધહેમ સૂત્રપાઠ) | ,, | ૦—૫—૦ |
| ગુણવંતી સ્ત્રીઓને વિવાહમાં ગાવાનાં ગીતો. | ગુજરાતી | ૦--૦—૬ |
| જૈન મંડળીમાં ગવાતાં ગાયનો. | ,, | ૦—૦—૬ |
| સિદ્ધાચળના ખમાસમણ. | ,, | ૦—૧—૦ |
| ભાવના સ્વરૂપ. (મોરબીનું) | ,, | ૦—૪—૦ |
| શત્રુંજયાદિ સ્તવન સંગ્રહ. | ,, | ૦—૧—૬ |
| ચોવીશી વીશી સંગ્રહ. | ,, | ૨—૮—૦ |
| દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મની કિંમત રૂ.૧ ને બદલે | | ૦-૧૨—૦ |

# श्रीजैनधर्म प्रकाश.

દોહરો.
મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૨ મું. સં. ૧૯૬૨ આશ્વિન. અંક ૭ મો.

## सुबोध काव्यो.

(મનહર છંદ)

ચામર છત્રની છાંયા જેના શીર પર થતી,
હાથીની ઉપર બેસી મોજ ઘણી માણતા;
દોલત હતી અપાર વળી હતા હોદેદાર,
એવા પુરૂષની રાખ મસાણમાં ભાળતા;
ભિન્ન ભિન્ન ભોજનનો કરતા સદા આહાર,
સુગંધી પુષ્પની સેજ માંહી જે બીરાજતા;
સેવામાં હાજર હતા દાસ દાસીઓ હજાર,
એવા પુરૂષને દીઠા મસાણમાં બાળતા. ૧
સુંદર હવેલી માંહી, સુંદર સુંદરી સાથ,
કરતા ભોગ વિલાસ મરવું ન જાણતા;
ઈંદ્રપુરી જેવું સુખ કદીએ ન દીઠું દુઃખ,
પકડી એવા નરોને યમદૂત મારતા;

હાથમાં ખડગ લઇ ઘણા શુરવીર જન,
દિન રાત ઉભા રહી જેહને સંભાળતા;
એવા નર ચાલ્યા ગયા, કહે સુર ઇંદુ યારો,
મરવું જરૂર માટે પ્રભુ ન વિસારતા. ૨

## ચિતા ચિંતાનો સંવાદ.

ચિંતા— મનહર છંદ.

ચિંતા અને ચિતા બેઉ બેનપણી ભેગી મળી,
એક બીજીનું વૃત્તાંત મુખથી બોલાય છે;
ચિતાને ચિંતા કહેછે બેની તુજને ધિઃકાર,
અનેક મનુષ્યનો તું ભક્ષ કરી જાય છે;
ભક્ષ કરે પણ ભૂખી પેટ ન ભરાય તારૂં,
નિત્ય નિત્ય નવાં નવાં, મૃતકને ખાય છે;
દયા નહિ રાખે બેની અંતરમાંહી લગાર,
રૂપ તારૂં જોઇ લોક ચિંતાતુર થાય છે. ૧

ચિતા—ભક્ષ કરૂં હું તો બેની નિરજીવનો સદાય,
પણ તું તો સજીવને અહોનિશ ખાયછે;
મારો ભક્ષેલો મનુષ્ય, ભક્ષ્યા પછી છુટી જાય,
પણ તારો ભક્ષેલો તો દુઃખીયો સદાય છે;
જેની પાછળ તું લાગે તેના રૂપ ગુણ જાય,
લોહી માંસ બળી જઇ હાડકાં દેખાય છે;
દયાહીણ દુષ્ટણી તું સજીવ મનુષ્ય બાળે,
તેથી કાળથી અધિક લોકમાં મનાય છે. ૨

અમીચંદ કરશનજી.
વાંકાનેર.

# શ્રીપાળરાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

( અનુસંધાન પૃષ્ઠ ૧૩૯ થી )

શીકોતર દેવીનાં તેવાં વચન સાંભળી ધવળશેઠ ભેટણું લઈને ત્યાંના રાજા પાસે ગયો. કારણ કે રાજાની આજ્ઞા શિવાય બત્રીશ લક્ષણો પુરૂષ લઇને તેનો ભોગ આપી શકાય નહીં. રાજાએ ભેટણું ધરવા વિગેરેનું કારણ પુછતાં તેણે જણાવ્યું કે ‘ મને એક બત્રીશ લક્ષણો પુરૂષ અપાવો કે જેથી તેનું બળિ થઇ શકે.’ રાજાએ કહ્યું કે–“ જે માણસ પરદેશી હોય અને જેનું સગુંસંબંધી આ શહેરમાં કોઇ ન હોય તેવો પુરૂષ લઇ લ્યો; મારી આજ્ઞા છે.” ધવળશેઠે રાજાની આજ્ઞા મળતાંજ પોતાના સુભટોને આજ્ઞા કરી કે–‘આવો માણસ શોધી લાવો. ’ સેવકો શહેરમાં સર્વત્ર ફરી વળ્યા. શ્રીપાળકુમાર તેમની દૃષ્ટિએ પડ્યા, એટલે તેમણે ધવળશેઠ પાસે આવીને જાહેર કર્યું કે ‘અમે એક પરદેશી બત્રીશ લક્ષણો પુરૂષ દીઠો છે તેથી કહો તો તેને પકડી લાવીએ. તેની તપાસ કોઇ કરે તેવું નથી.’ ધવળ શેઠે તરતજ હુકમ કર્યો કે તેને તાકીદે પકડી લાવો એટલે આપણે સત્વર તેનું બલિદાન આપીને ચાલીએ, જેથી પાછળ રાડબુમ પણ કાંઈ થઇ શકે નહીં.’ ધવળશેઠનો હુકમ મળતાં જ દશહજાર સુભટો એક સાથે દોડ્યા અને શ્રીપાળકુમારની પાસે જઇને ઉદ્ધતપણે કહેવા લાગ્યા કે–‘ઉઠ, ઉભો થા, તારૂં આઉખું આવી રહ્યું, ધવળધિંગ તારાપર રૂષ્ટમાન થયો છે જેથી તારૂં બલિદાન કરશું; આ વાતમાં કાંઇપણ જુઠું સમજીશ નહીં.’ શ્રીપાળકુમાર બોલ્યા કે–‘ અરે મૂર્ખો ! સિંહનું બલિદાન હોય નહીં, ધવળ કોઇ પશુ જણાય છે તો તેનું બલિ થશે; એમાં વિચારમાં શું પડો છો ?’ આવા ઉત્કટ વચનો સાંભળી ધવળશેઠે રાજાને જાહેર કર્યું અને તેનું બહોળું લશ્કર તથા પોતાના દશહજાર સુભટો તેને પકડવા મોકલ્યા.

શ્રીપાળકુમાર એકલા તે બંને સૈન્યની સાથે લડવા લાગ્યા. બજાર વચ્ચે મોટું ધાંધલ મચી રહ્યું. રાજાના અને શેઠના સુભટો અનેક પ્રકારનાં શસ્ત્રો ફેંકવા લાગ્યા. પરંતુ ઔષધીના પસાયથી કુમારને એકે પ્રહાર લાગ્યો નહીં અને કુમાર લાકડી વિગેરેના જે પ્રહારો કરવા લાગ્યા તેથી અનેક સુભટો જમીન ઉપર લાંબા થઇને પડ્યા. એટલે બાકીના સુભટોમાં નાશભાગ થઇ રહી આડા અવળા જ્યાં લાગ આવ્યો ત્યાં સુભટો પેસી ગયા; કેટલાક દાંતે તરણું લઇને શરણ માગવા લાગ્યા અને કેટલાક આડા હાથ દેવા લાગ્યા. આ પ્રમાણેની સ્થિતિ થઇ પડી.

ધવળ શેઠે આ બધું જોઇને વાણીઆગત કરી. તરતજ શ્રીપાળકુમારની પાસે આવીને પગે પડ્યો અને કહેવા લાગ્યો કે– "તમે તો દેવ સરૂપી જણાઓ છો, અમે તમારી અગાધ શક્તિ જાણ્યા શિવાય અજ્ઞાનપણાથી તમારો અપરાધ કર્યો છે તે ક્ષમા કરો અને અમારી વિનતિ સ્વીકારીને અમારાપર એક ઉપકાર કરો. અમારા વહાણો સ્થંભ્યાં છે તે તરાવી આપો." કુમારે કહ્યું કે 'તેનું ભાડું શું આપશો'? શેઠ કહે–'એક લાખ સોનૈઆ આપીશ, પણ કોઇ રીતે ખુત્યું ગાડું કાઢી આપો.' કુમારે તે વાત સ્વીકારી અને તેની સાથે બંદરપર જઇ મોટા વહાણ ઉપર ચડી સિદ્ધચક્રનું હૃદયમાં ધ્યાન ધરી સિંહનાદ કર્યો. તે સાંભળીને જે દુષ્ટ દેવીએ તેનાં વહાણો સ્થંભ્યાં હતાં તે જતી રહી અને વહાણો તરી ગયાં. ધવળશેઠને આનંદ થયો.

હવે ધવળશેઠ વિચારવા લાગ્યો કે–'આ ચિંતામણિ રત્ન હાથે ચડ્યું છે તેથી જો કોઇ રીતે તે સાથે આવે તો વિઘ્ન માત્ર ટળી જાય.' આમ વિચારી લાખ સોનૈયા કુમારના પગ પાસે મુકી બોલ્યો કે–'હે મહાપુરૂષ ! હું આ દશહજાર સુભટોમાં દરેકને દરવર્ષે હજાર હજાર દીનાર આપું છું પણ જો તમે સાથે આવો તો તમને મોં માગ્યું દ્રવ્ય આપું.' કુમાર બોલ્યા કે–'હું એકલો તે બધાને આપોછો તેટલું દ્રવ્ય લઉં અને બધાનું કામ હું એકલો કરી આપું.' ધવળ શેઠ તેનો હિસાબ ગણીને બોલ્યો કે–'અરે ! એતો એક ક્રોડ સોનૈઆ થાય તે અમારા વાણીઆ-

થી એકલાને કેમ આપી શકાય?' કુમારે કહ્યું કે-'કદિ તમે આપો તોપણ હું સ્વીકારૂં નહીં, હું સેવક તરિકે તમારી સાથે આવું પણ નહીં, પરંતુ મને પરદેશ જોવાની ઇચ્છા છે તેથી તમારી સાથે આવવા ચાહું છું માટે યોગ્ય ભાડું લઇને મને બેસવા જેવી જગ્યા આપો.' ધવળશેઠે દરમહીને સો સોનૈઆ ભાડું ઠરાવીને કુમારને બેસવા યોગ્ય જગ્યા આપી.

હવે કુમાર ગોખમાં બેઠા છે અને સમુદ્રની અંદર થતા અનેક કૌતુક જુએ છે. મોટા મોટા જળહસ્તિઓ અને મગરમચ્છો દોડી રહ્યા છે, કલ્લોલ ઉછળી રહ્યા છે, વહાણ પવનવેગે ચાલ્યાં જાય છે, પવન અનુકૂળ વાય છે, તે અવસરે પંજરીએ કહ્યું કે-'આ બબ્બરકુળ આવ્યું માટે જેને જળ ઇંધિણાદિક લેવું હોય તે લઇ લ્યો એટલે આપણે આગળ ચાલીએ, કારણકે અત્યારે પવન ઠીક છે."

પંજરીનાં આવાં વચન સાંભળી વહાણો ત્યાં થોભ્યાં. લોકો જળ ઇંધિણાદિ લેવા ઉતર્યા. ધવળશેઠ પણ કિનારે આવી ગાદી બીછાવીને બેઠો. ચારે બાજુ સુભટો ખડા થઇ ગયા. તે અવસરે માણસોનો કોળાહળ સાંભળીને બંદરનું રક્ષણ કરનારા રાજસુભટો ઉતાવળા દોડી આવ્યા અને શેઠની પાસે બંદરનું દાણ માગવા લાગ્યા. ધવળશેઠે પોતાના સુભટોના બળ ઉપર મુસ્તાક રહીને દાણ આપવાની નાપાડી, એટલે રાજસેવકો જોરાવરી કરવા લાગ્યા, તેમાં તો યુદ્ધ થઇ ગયું. રાજસેવકો થોડા હતા અને શેઠના સુભટો ઘણા હતા તેથી તેમણે રાજસેવકોને મારીને હઠાવી દીધા. તે સુભટોએ પોતાના રાજા પાસે જઇને જાહેર કર્યું, એટલે તે મોટું સૈન્ય લઇને બંદર ઉપર ચાલ્યો; તેને જોતાંજ રાજતેજ સહન થઇ ન શકવાથી શેઠના સુભટોએ પુંઠ બતાવી. રાજાના સુભટોએ શેઠના બધા સુભટોને ભગાડયા અને શેઠને પકડી પોતાના રાજા પાસે લાવ્યા. રાજાએ શેઠને ઉંધે માથે એક ઝાડ સાથે બંધાવ્યા અને ત્યાં રક્ષકપુરૂષો રાખીને પોતે શહેર ભણી પાછો વળ્યો.

અહીં શ્રીપાળકુમાર વહાણમાંથી ઉતરી ધવળશેઠ પાસે આ-

વ્યા અને કહ્યું કે-"શેઠ! આ શું? તમારા સુભટો ક્યાં ગયા? મને જો ક્રોડ દીનાર આપ્યા હોત તો આમ થાત?" શેઠ બોલ્યો કે-"હવે દાઝ્યા ઉપર ડામ શામાટે આપો છો? આમ બોલવું આપને ઘટે નહીં, માટે હવે તો કોઈ રીતે મને છુટો કરો." શ્રીપાળ બોલ્યા કે-"તમારૂં બંધન છોડાવું અને બધાં વહાણ પાછાં મેળવું પણ મને તેનો બદલો શું આપશો? તે બરાબર વિચારીને કહો." શેઠે કહ્યું કે-"જો આ દુઃખમાંથી મારો છુટકો કરાવો અને બધી લક્ષ્મી પાછી વાળી આપો તો અરધોઅરધ વહાણ વિગેરે તમને વહેંચી આપું." કુમારે આ વાતનો પાકો દસ્તાવેજ શાક્ષી વિગેરે કરાવી લીધું અને પછી બધી જાતનાં હથીઆર લઇ શહેર તરફ ચાલ્યો.

બર્બરરાજાનું સૈન્ય નજરે પડ્યું એટલે કુમારે ઉંચે સ્વરે કહ્યું કે-"હે રાજા! ક્યાં ચાલ્યો જાયછે? પાછો વળ, તારા જેવો પ્રાહુણો મારા હાથની સુખડી ચાખ્યા વિના જાય તે ઠીક નહીં." મહાકાળ રાજાએ આવો ઉગ્ર શબ્દ સાંભળી પાછું વાળીને જોયું તો એક શૂરવીર સુભટ જોયો, પણ તેને માત્ર એકલો જાણી તેણે કહ્યું કે-"તું હજી યૌવનાવસ્થામાં છે, શરીરે સુંદર છે, તો શામાટે મરવાને તૈયાર થાય છે? માટે પાછો ચાલ્યો જા." કુમાર બોલ્યો કે-"યુદ્ધના કામમાં વચનવ્યાપાર શ્યો? ત્યાં તો શસ્ત્રવ્યાપારજ જોઇએ." આવાં વચન સાંભળીને મહાકાળ રાજા કોપાયમાન થઇ પાછો વળ્યો અને સૈન્યને હલકાર્યું, એટલે ચારે બાજુથી કુમારની ઉપર શસ્ત્રાસ્ત્રનો વરસાદ વરસવા લાગ્યો. પરંતુ કુમારને તેનો સ્પર્શ સરખો પણ થયો નહીં અને કુમાર તાકીને જે બાણ મારે તેથી દશવીશના પ્રાણ જવા લાગ્યા. આ પ્રમાણે થવાથી મહાકાળના સૈન્યમાં ભંગાણ પડ્યું અને સુભટો ભાગવા લાગ્યા. કુમારે લાગ સાધી મહાકાળ રાજાને બાંધી લીધો અને તેને પોતાનાં વહાણો પાસે બંદર કિનારે લાવ્યો. પછી શેઠના બંધન તોડ્યા એટલે રાજસુભટો જે ત્યાં રાખેલા હતા તે ભાગી ગયા. શેઠે રાજાને બાંધેલો જોઇ ખડ્ગ લઇને મારવા દોડ્યો. કુમારે તેને અટકાવીને કહ્યું કે-"હવે બહુ થયું, તમારૂં બળ જોયું, માટે બસ કરો."

પછી શ્રીપાળકુમારે મહાકાળ રાજાના બંધન છોડાવી તેને કેટલીક પહેરામણી આપીને તેનો સત્કાર કર્યો. તે વખતે ધવળશેઠના ભાગી ગયેલા બધા સુભટો ત્યાં આવ્યા પણ શેઠે ગુસ્સે થઇને તેમને રજા આપી. એટલે કુમારે તે બધાને રાખી લીધા અને કહ્યું કે "આપણા અઢીશેં વહાણ સારી રીતે સંભાળો ને રહો." પછી બબ્બરરાયના માણસો ને પરિવાર જે ભાગી ગયો હતો તેને બોલાવીને કુમારે સત્કાર કર્યો. બબ્બર રાજાનું મન તેનાપર બહુ પ્રસન્ન થયું અને ચિત્તમાં ચમત્કાર પામ્યો. પછી તેણે શ્રીપાળકુમારને અરજ કરી કે 'તમે કૃપા કરીને મારા નગરમાં પગલાં કરો. આપ સરખાના દર્શન પણ મારવાડના લોકોને આમ્રવૃક્ષની જેમ અમારે દુર્લભ છે. માટે મારૂં ઘર પાવન કરો.' કુમારે તે વાત કબુલ કરી.

આ વાત સાંભળી ધવળશેઠ મુંઝાવા લાગ્યો, કારણકે કુમાર વિના તે એકલો ચાલી શકે તેમ નહોતું. તેણે કુમારને કહ્યું કે–"આપ સરખા પુણ્યવંતની ચાહના તો સૌ કરે, પણ આપણે રત્નદ્વીપે જવું છે તે બહુ દૂર છે, માટે જયાં ત્યાં રોકાશું તો પાર આવશે નહીં." કુમારે કહ્યું કે–'તે વાત ખરી પણ કોઇની દાક્ષિણતા કેમ છોડાય?'

બબ્બરરાયે પોતાનું આખું શહેર શણગાર્યું. ચારેબાજુ ધ્વજા ને તોરણો બાંધી દીધાં. સર્વત્ર જળછંટકાવ કર્યો. ફુલ બીછાવ્યાં, જગ્યાએ જગ્યાએ ગીતગાન નાટક શરૂ કરાવ્યાં અને સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો.

હવે શ્રીપાળકુમાર બબ્બરકોટમાં પ્રવેશ કરશે અને મહાકાળરાજા તેને પોતાની પુત્રી પરણાવશે; તે સંબંધી વૃત્તાંત આગળ વર્ણવવામાં આવશે. હાલતો આપણે આટલી હકીકત ઉપરથી શું સાર લેવાનો છે તે વિચારીએ.

મિથ્યાત્વી દેવીદેવનો પ્રસંગજ આત્માને મહા દુઃખદાયી છે. તેના બતાવેલા દુઃખનિવારણના ઉપાય પણ રૂધિરે ખરડાયેલું વસ્ત્ર રૂધિરવડે ધોઇને સાફ કરવાની ઇચ્છા જેવા હોય છે. પૂર્વના પાપોદયથી પ્રાણીને વિઘ્ન, અડચણ, અંતરાય કે દુઃખ આવી પડે

છે તેના ઉપાયમાં પણ કુદેવો અને કુગુરૂઓ પાપ બંધાય તેવી હિંસાયુક્ત ક્રિયાઓજ બતાવે છે. એક હિંસક તુચ્છ દેવના નિવારણ માટે જૈન શાસ્ત્રકાર અઠ્ઠમાદિની તપસ્યા કે શુભ ધ્યાનાદિ બતાવશે ત્યારે મિથ્યાદૃષ્ટિના દેવો, ગુરૂઓ કે શાસ્ત્રો તેને માટે અમુક જીવોનો વધ, બલિદાન અથવા કુપાત્રની પોષણા કરવાનું બતાવશે. અહીં ધવળશેઠ પોતાની માનેલી શીકોતરદેવીને પુછવા ગયો એટલે તેણે બત્રીશલક્ષણા પુરૂષનું બલિદાન આપવાનો ઉપાય બતાવ્યો. લોભાંધ શેઠે તે વાત કબુલ કરી. એક બત્રીશ લક્ષણો પુરૂષ આ દુનીઆને કેટલો ઉપયોગી થઇ શકે અને પોતાના આત્માનું પણ કેટલું હિત કરી શકે તેનો વિચાર આ સ્વાર્થી શેઠને શેનો આવે? તે તો તરતજ મોટી કિંમતનું ભેટણું લઇ ત્યાંના રાજા પાસે ગયો અને પોતાની મતલબ પ્રદર્શિત કરી. રાજા પણ તેના જેવોજ લોભી મળ્યો એટલે તેના ભેટણાથી લોભાયો અને તેવો પુરૂષ શોધી લેવા હુકમ આપ્યો. માત્ર તકરાર કજીઓ ન ઉઠવા માટે પરદેશી હોય ને જેનું સગુંસંબંધી કોઇ ભરૂચ શહેરમાં ન હોય તેવો પુરૂષ શોધી લેવાનું કહ્યું. ધવળશેઠને તો એટલુંજ જોતું હતું. તેના પોતાના સુભટોના બળનો તેને ગર્વ હતો એટલે તેઓને દોડાવ્યા, શ્રીપાળકુમારને મળ્યા ને તેને પકડવા જતાં તો મોટું રમખાણ મચ્યું. સહેલી ધારેલી વાત મુશ્કેલ થઇ પડી. પ્રાણી ધારે શું ને અંદરથી નીકળે શું!

અહીં આપણે ઐાષધીનો અસાધારણ ચમત્કાર જોઇએ છીએ. બંને દળનાં અનેક પ્રકારનાં શસ્ત્રો માત્ર ઐાષધીના બળથી કાંઇપણ અસર કરી શકયાં નહીં. પુણ્યવંતનેજ આવી વસ્તુઓ પ્રાપ્ત થાય છે એટલુંજ નહીં પણ તેનું કામ પડે ત્યારે અગાઉ સહેજે તે મળી આવે છે.

ધવળશેઠના સુભટો પણ અભિમાનમાં ઉતરે તેવા નથી; તેનાં વચનો તેના હૃદયનો અહંભાવ બતાવી આપે છે પણ મહા બળવાન કુમાર તેનાં વચનને ગણકારતાજ નથી.

આ રમખાણને પરિણામે જ્યારે બંને લશ્કર ભાગે છે ત્યારે ધવળશેઠ વાણીઆગત રમી જાય છે. પણ સજ્જન પુરૂષો બીજાના

પ્રપંચને પણ સરલપણુંજ માને છે. શ્રીપાળકુમારે તેનું દુઃખ ટાળવા હા પાડી ને લાખ દ્રવ્ય લઇ તેનું કામ કરી આપ્યું.

અહીં ધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ જણાઇ આવે છે. શ્રીપાળકુમારના સિંહનાદ કરતાં તેના અંતઃકરણમાં રહેલું સિદ્ધચક્રનું ધ્યાનજ દેવીને ભગાડવામાં પ્રબળ સાધનરૂપ છે. કારણ કે માત્ર સિંહનાદથી કાંઈ દેવી ડરી જાય નહીં.

ત્યારપછી શ્રીપાળકુમારને નોકર તરિકે રાખવાનો વિચાર બતાવતાં મોંમાગ્યું દ્રવ્ય આપવાનું કહીને પાછો ધવળશેઠ ફરી જાય છે અને વાણીઆપણું બતાવે છે. શ્રીપાળકુમારને તો નોકર તરિકે રહેવું પણ નહોતું; માત્ર આનંદની વાત હતી. પાછું વહાણમાં બેસવાનું ભાડું ઠરાવતાં પણ પુષ્કળ દ્રવ્યવાળો ક્રોડાધિપતિ ધવળશેઠ એટલી ઉદારતા બતાવી શકતો નથી કે 'આપનું ભાડું શું લેવું? આપ મારી સાથે પધારો તેજ મોટી કૃપા છે.' જો અહીં આટલો ઉપર હાથ તેણે રાખ્યો હોત તો તે આગળ કેટલો કામ આવત તે હે વાંચક સજ્જનો! તમેજ વિચારજો, અને ઉપર હાથ રાખતાં શિખજો. વગર ભાડે સાથે આવેલો કુમાર બબ્બરકુળના રાજાનો માર ધવળશેઠને ખાવા દેત નહીં પણ લોભી માણસ એટલી અક્કલ ક્યાંથી લાવે?

સમુદ્રમાં અનેક પ્રકારના મત્સ્યો હોય છે. તેની ક્રીડાઓ તેમજ સમુદ્રના તરંગો સમુદ્ર શાંત હોય છે ત્યારે જોનારને બહુ આનંદ આપે છે. રાસમાં તેનું સારૂં વર્ણન આપેલું છે. અનુક્રમે તે વહાણ બબ્બરકુળ પાસે આવે છે અને પંજરીના કહેવાથી સૌ જળ ઇંધણાદિ લેવા કિનારે ઉતરે છે. વહાણ બંદરમાં લંગર કરે એટલે કિનારાના રાજાનું અમુક દાણ તેનાપર લાગુ પડેછે, આવો સાધારણ નિયમ છે. આ નિયમથી ધવળશેઠ કાંઈ અણજાણ નહોતો, કારણ કે તે મોટો વેપારી હતો; વળી પ્રથમ પણ જળમાર્ગે ઘણી મુસાફરી કરી હતી. પરંતુ પોતાના સુભટોના બળના અભિમાનથી વ્યાજબી દાણ આપવાની પણ તેણે આનાકાની કરી અને તેને પરિણામે બમ્બરકુળના રાજાએ તેનાં વહાણો જપ્ત કર્યાં અને તેને ઝાડ સાથે ઉંધે માથે બાંધ્યો. દાણચોરી કરનારનો

હાણુવાળો તમામ માલ જપ્ત કરે એવો સાધારણ રીવાજ છે.

કુમારનું અહીં તટસ્થપણું હોવાથી મહાકાળ રાજાને ધવળ-શેઠના સુભટો વચ્ચે થતું રમખાણ તેમણે તટસ્થ રહીને જોયા કર્યું. છેવટે પોતે વહાણમાંથી ઉતરી ધવળશેઠ પાસે આવ્યા અને અરધોઅરધ વહાણ વહેંચી લેવાની સરત કરીને મહાકાળ રાજાની પાછળ ચાલ્યા. અહીં સાક્ષી સંમતિ યુક્ત દસ્તાવેજ કરાવી લેવાની હકીકત આવે છે; અને તે ધવળશેઠ જેવા સ્વાર્થી, સ્વાર્થ સર્યે ફરી જાય તેવા માણસ માટે અવશ્ય કરવા યોગ્યજ છે.

પુણ્યવંતને પરાક્રમ પ્રાપ્ત થાય છે અને જ્યાં પરાક્રમ હોય છે ત્યાં લક્ષ્મી સ્વયંવરા થઇને આવે છે. શ્રીપાળકુમારને ભરૂચમાં લાખ સોનૈયા અને અહીં અઢીસો વહાણ પરાક્રમને અંગેજ પ્રાપ્ત થાય છે. ઉત્તમ જીવો તાત્કાળિક ફળનો અભિલાષ ન કરતાં ભલે દીર્ઘકાળે ફળે પણ ફળે ત્યારે સર્વથા દારિદ્ર કાપી નાખે એવાં વૃક્ષો વાવે છે, અર્થાત્ અભયદાન કે સુપાત્રદાનાદિવડે એવા પુણ્યનો સંચય કરે છે કે અલ્પ વ્યયને પરિણામે અતિશય મહાન્ લાભ પ્રાપ્ત થાય છે. શ્રીપાળકુમારને પણ હવે ક્રમે ક્રમે પૂર્વભવના પુણ્યનો ઉદય થવા લાગ્યો છે તેના હજુ તો આ સ્વલ્પ ફળ મળવા માંડ્યા છે. પૂર્ણ ફળ તો આગામીભવે પ્રાપ્ત થનાર છે, જેમાં આ ભવનો પુણ્યસંચય પણ ભેગો ભળનાર છે.

શ્રીપાળકુમારે મહાકાળ રાજાને હલકાર્યો, તેણે પાછું વાળીને જોયું અને એક યુવાન પુરૂષને માત્ર એકાએક જોઇ તેને આશ્ચર્ય થયું કે 'આ વળી કોણ વગર ખુટચે મરણને ઇચ્છે છે?' પરાક્રમથી અણજાણ માણસને આવો વિચાર આવે તેમાં કાંઇ નવાઈ નથી. માણસો અનુભવ કર્યા શિવાય ઘણી વખત તો દૃષ્ટિએ જોતાંજ અભિપ્રાય બાંધવા મંડી પડે છે, પણ તેવો ઉતાવળે બાંધેલો અભિપ્રાય છેવટ સુધી ટકી શકતો નથી. શ્રીપાળકુમારના સંબંધમાં પણ તેમજ થયું. થોડા વખતમાંજ રાજાને પોતાનો અભિપ્રાય ફેરવવો પડ્યો. એકલા કુમારે આખા સૈન્યને નસાડ્યું ને રાજાને બાંધી લીધો.

અહીં હવે શ્રીપાળકુમારના મનની મ્હોટાઈ તેમજ વિવેક

દૃષ્ટિગોચર થાય છે. પોતાને સ્થાને લાવ્યા પછી તે બબ્બરરાયને તત્કાળ છોડી દેછે અને મોટા મૂલ્યવાળી પહેરામણીવડે તેનો સત્કાર કરે છે. ઉત્તમ પુરૂષોની આવી ઉંચા પ્રકારની પ્રવૃત્તિજ હોયછે. આથી મહાકાળ રાજા બહુ આભારી થયો ને શ્રીપાળકુમારને પોતાનું ઘર પાવન કરવા પ્રાર્થના કરી. દાક્ષિણ્યતાગુણવાન્ શ્રીપાળકુમારે તો તેની પ્રાર્થનાનો ભંગ ન કર્યો, પરંતુ ધવળશેઠ તો અહીં પણ પોતાનું સ્વાર્થીપણું બતાવ્યા શિવાય રહી શકયો નહીં. દશહજાર સુભટોના સંબંધમાં પણ તેણે તો તેવોજ ભાવ દેખાડી આપ્યો પણ કુમારે પોતાની ઉદારતા દર્શાવી. નહીં તો અહીં પરદેશમાં તે બીચારા નિરાધાર થઇ જાત. તે કયાં જાત ને શું ખાત? ઘણા માણસો ધવળશેઠના જેવી ચાલ દૂર દેશમાં જઇને નોકરો કે આશ્રિતોના સંબંધમાં ચલાવે છે, પરંતુ તે ખરેખર નિંદ્ય છે અને હલકા મનની નીશાની છે.

બબ્બર કુળનો રાજા, શ્રીપાળકુમારે તેની પ્રાર્થના સ્વીકારવાથી હર્ષિત થાય એમાં કાંઈ નવાઇ નહોતી. તે હર્ષ તેણે પોતાનું શહેર શણગારવા વિગેરેથી બતાવ્યો.

હવે શ્રીપાળકુમાર તેના નગરમાં પ્રવેશ કર્યા બાદ તેના આગ્રહથી તેની પુત્રીનું પાણિગ્રહણ કરશે. અહીંથી નવી સ્ત્રીઓ પરણવાનું શરૂ થશે અને પાછા વળતા સુધીમાં આઠ સ્ત્રીઓ પરણશે, તેનું વર્ણન અને તે પ્રસંગોમાંથી ગ્રહણ કરવા યોગ્ય સાર પ્રસંગે પ્રસંગે બતાવવામાં આવશે. આ પ્રકરણમાં ઘણી હકીકત યુદ્ધને લગતી છે પરંતુ તેની અંદરથી પણ ગ્રહણ કરવા યોગ્ય સાર નીકળી શકે છે તે આપણે ઉપર બતાવી ગયા છીએ. હવે પછી અવનવા પ્રસંગો આવનારા છે તેનું વર્ણન ક્રમેક્રમે આપવામાં આવશે.

# ચરચાપત્ર.

## "મુંબઇનિવાસી જૈનબંધુઓને સૂચના."

**'શ્રી જૈનધર્મ પ્રકાશ' ના અધિપતિ સાહેબ,**

નીચેની બીના આપના પ્રસિદ્ધ માસિકમાં દાખલ કરવા કૃપા કરશો.

આધુનીક સમયની અંદર મુંબઇ જેવા સુધરેલા શહેરમાં આપણા મહાન જૈન દેરાસરોમાં કેટલીક આશાતનાઓ ઘણે ભાગે દિનપરદિન દૂર થતી જાય છે, પરંતુ કેટલીક બાબત તરફ દૃષ્ટિ પણ આપવામાં આવતી નથી, એ ઘણું દિલગીરી ભરેલું છે. તેથી કેટલીક દૂર થઇ શકે એવી આશાતનાઓ અહીં પ્રગટ કરૂં છું તે લક્ષમાં લઇ મારા ધર્માભિમાની બંધુઓ તેવી આશાતનાઓથી મુક્ત થશે એવી આશા છે.

પ્રિય જૈનબંધુઓ ! તમો દેરાસરજીમાં નહાવા જાઓછો તે તો ઠીક છે, પરંતુ ભાઇઓ નહાઇ ભગવંતની પૂજા સ્તુતિ કરી જે કર્મની નિર્જરા કરોછો તેના કરતાં વિશેષ કર્મ તમો દેરાસરની આશાતના કરી ઉપાર્જન કરોછો; માટે તમારી દૃષ્ટિ આગળ થતી તેવી આશાતનાઓ દૂર કરવા લક્ષ આપવું જોઇએ. અરે ! બાહ્ય શુદ્ધિ રાખનાર મારા બંધુઓ ! તમો દેરાસરમાં નહાવા જતી વખત શરીર સાફ કરવાને માટે સુગંધીદાર કારબોલીક વિગેરે સાબુઓ લઇ જઇ તેનો ઉપયોગ છુટથી યા જ્યાં કાંઇ સાધારણ બંધી હશે ત્યાં છુપી રીતે કરોછો, એ બહુજ શરમ ભરેલું છે; કારણ કે સાબુ મલીન વસ્તુનો બનેલો છે, અને તેથી ભગવાનની પૂજા કરવામાં જે કાંઇ શરીરની શુદ્ધિ થવી જોઇએ તે ન થતાં ઉલટી અશુદ્ધિ થાય છે. સાબુની અપવિત્રતાનું અજાણપણું કોઇ પણ જૈનને રહ્યું હોય એમ હું ધારતો નથી; છતાં પણ મારા બંધુઓ ! તમો એનાથી મુક્ત થતા નથી અને દેરાસરમાં પણ તેનો ઉપયોગ મૂકી શકતા નથી, એ કેટલું શરમભરેલું છે?

કેટલાક બંધુઓ (તેમાં વિશેષ કરી મારા મારવાડી ભાઇઓ) દેરાસરમાં નહાયા એટલે તરતજ પોતાના વાળ કાંસકી યા બીજી રીતે સમારવા મંડી જાય છે અને તેનાથી જુ, લીખ વિગેરે અસંખ્ય જીવોની હાનિ કરે છે. બંધુઓ ! એ કાંઈ થોડા અફસોસની વાત નથી. કાંસકીથી વાળની શોભા વધારનાર ભાઇઓ ! આપણે મંદિરમાં કર્મની નિર્જરા માટે જઇએ છીએ કે નવાં ઉપાર્જન કરવા માટે ? તમારા કરતાં ધન્ય છે મારી સુશીલ બહેનોને કે તેઓ પોતાને મસ્તકે બહોળા વાળ છતાં આઠમ, ચૌદશ વિગેરે કલ્યાણક તિથિઓએ તથા બીજા પર્વને દિવસે પોતાના વાળ સમારતી નથી. પરંતુ બંધુઓ ! આપણી ભૂલ આપણુનેજ માલુમ પડતી નથી, એ બહુ અફસોસની વાત છે.

ભગવંતની પૂજા કરવાના સમયે બીજાનું પહેરેલું વસ્ત્ર પહેરવું શાસ્ત્રમાં વર્જિત છે, છતાં કદાચ તે ન બની શકે તો બીજાનું પહેરેલું વસ્ત્ર પણ શુદ્ધ રાખવું જોઇએ; પરંતુ તેની દરકાર ન કરતાં તે વસ્ત્રો ઉપર એટલા બધા મેલાં અને કેશર વિગેરેના ડાઘ પડેલા હોય છે કે તે જોયાથી પણ આપણુને કંટાળો ઉત્પન્ન થયા શિવાય રહેતો નથી. કેટલાક બંધુઓ તેમાં વિશેષ કરી બદામી ચાંદલાથી કપાળ વિભૂષિત કરનારા ભાઇઓ ચાંદલો કરતી વખત તેનું સમારકામ પૂજા કરવા માટે પહેરેલ વસ્ત્રથીજ કરેછે અને તે ઉપર સેંકડો ડાઘા પાડે છે, એ કેટલુંબધું અવિચારીપણું ! એક તો દેરાસરનાં કપડાં એટલે તેમને ધોવરાવવાની પુરસદ તો મહિને બે મહિનેજ મળે અને તેમાં વળી આવા અવિચારીપણાથી ડાઘા પડે તો પછી તે વસ્ત્ર કેવું મલીન થાય તેનો વિચાર નજરે જોનાર બંધુઓ તમો પોતેજ કરશો. ભાઇઓ! તમારા સંશારી કાર્યમાં પહેરવાનાં વસ્ત્રો શુદ્ધ રાખવા માટે જે ધ્યાન આપો છો તેના કરતાં આઠઆની ધ્યાન પણ તમો પૂજાનાં વસ્ત્ર ઉપર આપતા હો તો આવાં મલીન વસ્ત્રો થવાનો વખત ન આવે.

પ્રિય બંધુઓ! એ શિવાય બીજી પણ કેટલીક બાબતો વિષે અત્ર લખવાની ખાસ જરૂર છે, પરંતુ આપને વધુ વાંચવાની તસ્દી ન આપતાં માત્ર નીચે લખેલી બાબતો ઉપરજ આપનું

ખાસ ધ્યાન ખેંચું છું, અને તે બાબત મારા ધર્મીષ્ટ બંધુઓ! તમો જરૂર ધ્યાનમાં લઈ તે પ્રમાણે વર્તશો એવી આશા છે.

(૧) દેરાસરમાં નહાનાર બંધુએ સાબુ ચોળી નહાવું નહિ.

(૨) ભીનાં ધોતીઆંથી શરીર સાફ કરવું નહીં, પરંતુ એક ટુવાલ રાખી સાફ કરવું.

(૩) દેરાસરમાં કાંસકી યા બીજી રીતે વાળ સમારવા નહિ.

(૪) ચાંદલા કરવાનું કેસર, પૂજા કરનારનું તથા ફક્ત દર્શન કરનારનું અલગ અલગ જગ્યાએ રાખવું.

(૫) પૂજાનાં કપડાં બની શકે તો દરેક જણે જુદા રાખવાં, તેમ ન બને તો દેરાસરખાતે વસાવેલાં કપડાં અઠવાડીઆમાં એક વાર ધોવાય એવો બંદોબસ્ત કરવો.

(૬) પૂજાનાં વસ્ત્રો ઉપર કેશર ઘી વિગેરેના ડાઘ ન પડે તેની બહુ સંભાળ રાખવી.

(૭) નહાતી વેળા પાણીનો નિયમ રાખવો. (આ બાબતમાં કેટલાક બંધુઓ પાણી બહુ અયોગ્ય રીતે વાપરે છે, અને ગુણ દોષનો કાંઇ પણ વિચાર કરતા નથી.)

(૮) ફૂલને ફક્ત ધોઇ સાફ કરવાનો નિયમ રાખવો, તેની પાંખડીઓ કદાપી તોડવી નહિ.

(૯) ભગવાનની પૂજા કરવાના કેસર કરતાં ચાંદલા કરવાનું કેશર વિશેષ લાલ રાખે છે તે ન રાખવું.

(૧૦) દેરાસરમાં ફૂલ લાવનાર માળીને જમીન ઉપર પડેલું ફૂલ નહીં લાવવા તથા સ્વચ્છ રીતે ફૂલ લાવવા ચેતવણી આપવી.

(૧૧) પૂજાનાં કપડાં ભગવાનની સમીપ ન રાખતાં નીચે અથવા અલગ જગ્યાએ રાખવાની ગોઠવણ કરવી; કારણ કેટલાક બંધુઓ નાહ્યા શિવાય ધાબળી વિગેરે લેવા માટે ત્યાં ચાલ્યા જઇ આશાતના કરે છે, માટે તેમ કરતાં અટકવું.

(૧૨) દેરાસરના અંદર ઘી બોલનાર બંધુએ બનતાં સુધી તેના પૈસા પોતેજ પહોંચાડવાનો નિયમ રાખવો, અગર કદાચ તેમ ન બને તો પોતાનું ઠેકાણું ચોક્કસ લખાવવું, અને દેરાસરનો માણસ ઉઘરાણી આવે કે તેને બીજીવાર ફેરો આ-

પવો નહિ; કારણ મુંબઇ જેવા શહેરની અંદર ઠેકાણાનો પત્તો લાગવો બહુ મુશ્કેલ પડે છે અને તેવાં કારણોથી દરેક દેરાસરમાં હજારો રૂપીઆની ઉઘરાણી પડી ગઇ છે, માટે આ બાબત ખાસ જૈનબંધુએ ધ્યાનમાં રાખવી.

(૧૩) શ્રી જૈનધર્મ પ્રકાશના અષાડમાસના અંકમાંથી "વૃદ્ધિ પામતો ભ્રષ્ટાચાર" એ વિષય વાંચવા હું દરેક મુંબઇનિવાસી બંધુઓને ભલામણ કરૂંછું માટે જરૂર વાંચવો. કારણ એ વિષય મુંબઇવાસીઓને વિશેષ રીતે લાગુ પડે છે.

બંધુઓ ! એ શિવાય પણ ઘણી આશાતનાઓ વિષે આપણે સંભાળ રાખવાની છે, પરંતુ હાલ વધુ લખાણ ન કરતાં માત્ર ઉપરની બાબતો ખાસ લક્ષમાં રાખવા આપને વિનંતિ કરૂં છું.

શ્રી સંઘનો દાસ,

વજેચંદ રાજાજી.

# સજ્જન લક્ષણ.

મનુષ્યસમૂહ અનેક પ્રકારના જીવન વહન કરનાર વ્યક્તિઓથી બનેલો હોય છે; અને પ્રત્યેક જીવન અનેક બનાવોથી, અનેક લાગણીઓથી અને અનેક પરિણામોથી ભરેલા હોય છે. જનસમૂહ પર અવલોકન કરતાં જણાય છે કે જનસમાજનો ભાગ બનેલી વ્યક્તિઓ જુદા જુદા પ્રકારે સ્વજીવન વહન કરે છે. કેટલાક પ્રાણીઓ જીવન વ્યવહારના ક્લેશમાંજ આયુષ્ય નિર્ગમન કરે છે. સંપત્તિ હો કે ન હો, પણ એતો યાંત્રિક ક્રિયા માફક આખો વખત અસ્ખલિત ઉદ્યોગમાંજ ગાળે છે અને એવી વ્યક્તિઓને વ્યવહારના પ્રશસ્ત કે અપ્રશસ્તપણા ઉપર બહુ ખ્યાલ હોતો નથી. કેટલાક પ્રાણીઓ જરૂર જેટલી પ્રવૃત્તિ કરી બાકીનો વખત આત્મોન્નતિ કરવામાં ગાળે છે. આ પ્રકારના પ્રાણીઓ જન, સમૂહને ખાસ ઉપયોગી થઇ પડતા નથી, છતાં ઉત્તમ જીવનક્રમ

વહન કરનારા હોય તો બીજાને અનુકરણીય ચરિત્રવાળા થાય છે, તેથી દૃષ્ટાંત પૂરૂ પાડનારા તરીકે જનસમાજની ઉન્નત્તિમાં તેઓ થોડે અંશે ભાગ બજાવે છે. કેટલીક વ્યક્તિઓ પોતાનો વ્યવહાર ચલાવવા ઉપરાંત પોતાના સગા, સ્નેહી કે મંડળ માટે કાંઇ પ્રયાસ કરે છે. આ જાતિની વ્યક્તિઓ અગાઉના કરતાં વધારે લાભ કરે છે. વળી કેટલીક વિશાળ અંતઃકરણવાળી વ્યક્તિઓ પોતાની જાતનો બહુ વિચાર ન કરતાં જનસમૂહ કે તેના ચોક્કસ ભાગ માટે એટલે મંડળ, કોમ કે દેશ માટે અથવા અનુકૂળતા પ્રાપ્ત થયે વિશાળ સૃષ્ટિના ભલા માટે સતત પ્રયાસ ચાલુ રાખી જીવન વ્યવહાર કરે છે. પ્રયત્નશીળ ઉદ્યોગી વ્યક્તિઓ એક રીતે અથવા બીજી રીતે પોતાના સંજોગ, શક્તિ અને પ્રસંગના પ્રમાણમાં દીર્ઘ પ્રયત્ન કરી વધતે ઓછે અંશે પ્રવૃત્તિમય જીવન જીવી, વ્યવહાર વ્યવસ્થામાં પોતાનું સ્થાન નિર્મિત કરી આયુષ્યનો વિલય થાય ત્યારે શાંતરીતે ચાલ્યા જાય છે. પ્રશસ્ત પ્રવૃત્તિ કરવી એ નિવૃત્તિને અપાવનાર અને પરમનિવૃત્તિનું પણ પ્રબળ સાધન હોવાથી એ આદરણીય છે એમ અનેક તીર્થંકરાદિકનાં ચરિત્રોપરથી જણાય છે.

વળી વિચિત્રરંગી વ્યવહારજીવનમાં કેટલાક પ્રાણીઓ તદ્દન આળસુ પણ જોવામાં આવે છે. ઉદ્યોગી વડીલે વારસામાં આપેલા પૈસાપર આનંદ માની, યાચના કરી અથવા યુક્તિ પ્રયુક્તિ લગાડી જીવનકાળ પૂર્ણ કરનારા પણ અનેક પ્રાણીઓ જોવામાં આવે છે. કેટલાક પ્રાણીઓ શાંત પણ અપ્રસિદ્ધ જીવન જીવી એકાંતમાં નિવૃત્તિ સુખનો અનુભવ કરે છે.

આવી રીતે અનેક પ્રકારની વ્યક્તિથી બનેલું આ જનસમૂહ રૂપ સમષ્ટિ મંડળ જીવનકલહ અને પરોપકાર પરાયણતાના નાના પ્રકારના દૃષ્ટાંતો બતાવે છે. કેટલીક વ્યક્તિઓનું જીવન સંજોગ અને સ્થિતિના પરિવર્તન સાથે બંધાય છે ત્યારે કેટલાક અમુક વિકારને વશ થઇ જીવનક્રમ નિર્માણ કરે છે. સંજોગોપર અંકુશ રાખનારા પ્રબળ પુરૂષાર્થી અલ્પ હોય છે, બાકીનો મોટો ભાગ તો તેને અનુસરનારજ હોય છે. મનોવિકારો પૈકી પણ ઘણી વ્ય

ક્તિનો વર્તનક્રમ કીર્ત્તિ, ક્રોધ, માયા, અહંકાર કે અભિમાનથી નિર્ણિત થાય છે, ત્યારે કેટલીક વ્યક્તિઓ કોઇ પણ પ્રકારના લાભ કે લોભની અપેક્ષા રાખ્યા વગર કેવળ આત્મકલ્યાણના નિમિત્તથીજ પરોપકારપરાયણ રહે છે. આત્મકલ્યાણ પણ પરંપરાએ પ્રાપ્ત થાય છે, પણ તેઓની જીવિતવ્યવહારક્રમરેખા તો એકાંત પરોપકાર કરવાની શુભ વૃત્તિથીજ અંકિત થાય છે.

આ શરીરપર અનેક રીતે દૃષ્ટિપાત થાય છે. તેનો હેતુ શું છે અને તેની પ્રાપ્તિનો પરમ લાભ કેવી રીતે પ્રાપ્તવ્ય છે એનો વિચારજ બહુ થોડી વ્યક્તિઓ કરે છે. કેટલાક પ્રાણીઓ આ દેહ તરફ તદ્દન સામાન્ય નજરથી જુવે છે. ખાવું, પીવું, એશઆરામ કરવો, ફરવું અને ઇંદ્રિયોના વિષયો ભોગવવા એજ જીવનનો હેતુ તેમના સમજવામાં આવે છે; અથવા વિશેષ અવલોકન કરીએ તો જણાશે કે જીવનનો હેતુ કાંઇ બીજો છે અને તે પ્રયાસસિદ્ધ છે એવો વિચારજ આ પંક્તિના જીવોને આવતો નથી. આવે તો ચાલ્યો જાય છે. આથી આગળ ચાલનારા પ્રાણીઓ કાંઇક સ્વાર્થને અંગે અને કાંઇક વિકારને અંગે ખોટો વિચાર કરે છે. વિચાર શુદ્ધ આવે તો તેને પણ વિકારો દબાવી દે છે અને તેથી શુદ્ધ લાભ પ્રાપ્ત કરી શકતા નથી. સંસારનું સ્વરૂપ સમજનાર, ભવસ્થિતિનો ખ્યાલ કરનાર અને શુદ્ધ પરિણતિવાળો જીવ એવી રીતે બાહ્ય ઇંદ્રિયોના વિષયોમાં કે મનોવિકારના સપાટામાં તણાઇ જતો નથી. એ જીવન શું છે? કયારે મળે છે? કોને મળે છે? શામાટે મળે છે? એવા એવા અનેક વિચારો કરી કોઇ પણ મનોવિકારને તાબે ન થતાં શુદ્ધ જીવનક્રમ નિર્માણ કરે છે અને તેને અનુસરવા દૃઢ નિશ્ચય કરે છે. ઉપર જણાવ્યું તેમ અજ્ઞ જીવો આ દેહ તરફ સામાન્ય નજરથી જોઇ ખાઇ, પી, કામ કરી મરણ આવ્યે ચાલ્યા જાય છે, પરંતુ સમજુ તેમ કરતો નથી. એને વિચાર થાય છે કે આ જન્મની સિદ્ધિ કેવી રીતે થાય, વર્તનના માર્ગમાં કેવી રીતે ઉચ્ચ પદપર આરોહ થતો જાય અને આ અનંત: ફેરાનો આત્યંતિક અભાવ કેવી રીતે થાય તેનો વિચાર કરવો જોઈએ, ઉપાય શોધવો જોઇએ અને તે વિચાર અને શોધને પરિણામે થયેલા અવિકારી નિર્ણયને અનુસરવું જોઇએ.

આવા પ્રકારનો વિચાર કરનાર શુદ્ધ આશયવાળો મુમુક્ષુ પ્રાણી વિશિષ્ટ જીવન કેવી રીતે જીવાય તેની શોધ ખોળ કરે છે. એવો સિદ્ધ ઉપાય આત્મજાગૃતિમાં છે. જેઓ પોતાને માટે સ્વતંત્ર વિચાર કરી શકતા હોય તેઓ પોતાના આત્માને પૂછીને પ્રવૃત્તિ કરે છે અને તેનો અંતરાત્મા સાક્ષી પૂરે તે માર્ગ શુદ્ધજ હોય છે. પરંતુ આત્માને વિષયકષાયાદિ મનોવિકારોથી રહિત કર્યો હોય ત્યારે તે આવા શુદ્ધ પ્રત્યુત્તરો આપે છે. નહિતો તાત્કાળિક લાભો તરફ વૃત્તિ દોરાઈ જાય છે, જે તદ્દન ત્યાજ્ય છે. એવી વિશુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થયા પહેલાં જે પ્રાણીઓને એવી શુદ્ધ દશા પ્રાપ્ત થઈ હોય, તેઓએ એ સંબંધમાં જે વિચારો દર્શાવ્યા હોય એ સમજવા યત્ન કરવો અને સમજીને તદનુસાર વર્તન કરવું અને એમ કરતાં કરતાં જ્યારે આત્મશુદ્ધિ થાય ત્યારે સ્વાત્મ પ્રેરિત શુદ્ધ માર્ગપર જીવનક્રમ ચલાવવો એ ઉચિત માર્ગ જણાય છે. કવિકુળ કૌસ્તુભ કાળીદાસ લખે છે કે **सतांहि संदेहपदेषु वस्तुषु प्रमाणमंतःकरणप्रवृत्तयः** એટલે "સજ્જન પુરૂષને કોઇ પણ બાબતમાં સંદેહ પડે તો તેઓનું અંતઃકરણ જે રસ્તો લેવા પ્રેરણા કરે તે પ્રમાણ સમજવો." એટલા ઉપરથી જણાય છે કે સત્પુરૂષોને ગમે તેવી ઘુંચના પ્રસંગમાં કોઇને પુછવા જવાની જરૂર પડતી નથી, એનો જાગૃત આત્મા તેને સત્ય અને પથ્ય માર્ગ નૈસર્ગિક રીતેજ બતાવી આપે છે. આપણો સામાન્ય અનુભવ આથી ઉલટો છે. સંદેહકારક બે માર્ગમાં આત્મપ્રવૃત્તિ હમેશાં એક માર્ગને ઇષ્ટ બતાવે છે અને તે તરફ પ્રવૃત્તિ કરવા મન લલચાય છે, પણ વાસ્તવીક રીતે તે પ્રવૃત્તિ અવિષ્ટ હોય છે. આનું કારણ સ્પષ્ટ છે. જેને કવિ 'सत्' પુરૂષ કહે છે તેનેજ આત્મપ્રેરણા શુદ્ધ થાય છે, બાકીના પ્રાણીઓ મનોવિકારને વશ થઈ જાય છે. માટે અંતઃકરણની પ્રવૃત્તિઓ ઉપર વિશ્વાસ રાખવા પહેલાં તેને શુદ્ધ કરવાની સજ્જન–સત્પુરૂષને યોગ્ય કરવાની આવશ્યકતા છે.

ઉપર જણાવેલી અનેક પ્રકારની વ્યક્તિઓ પૈકી જે જે શુદ્ધ માર્ગપર ચાલવા વિચાર કરે છે તે 'સજ્જન' અથવા 'સત્પુરૂષ' થવાનો પ્રયાસ કરે છે. એ પ્રાણી પરોપકારપરાયણ જીવનક્રમ રાખે છે તો તેનું જીવન વિશેષ સારૂં ગણાય છે અને તેના પ્र-

માણુમાં તે વધારે અનુકરણીય ગણાય છે; તેના અંતઃકરણની પ્રવૃત્તિ ઉપર આધાર રાખવાની સ્થિતિ તો સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રાપ્ત થાય છે. શુદ્ધ જીવનક્રમના નિર્માણ થયા પછીજ પ્રાણી સજ્જનની પંક્તિમાં આવી શકે છે અને તેજ પ્રાણી અશુદ્ધ ક્રમપર વ્યવહાર વહન કરે તો દુર્જનની પંક્તિમાં આવી જાય છે. એ વ્યાખ્યા પ્રસ્તુત વિષય માટે ઉપયોગી છે તેથી લક્ષમાં રાખવાની છે. સાથે એટલું પણ ધ્યાનમાં રાખવાનું છે કે જેને કવિરાજ પ્રમાણભૂત સજ્જન કહે છે તે વ્યક્તિઓની સ્થિતિ પ્રાપ્ત કરવાનું સાધ્યબિંદુજ હૃદયચક્ષુ સન્મુખ રહે છે. આથી જણાય છે કે સિદ્ધ આત્મયોગીઓએ જેને સજ્જન કહ્યા હોય અને જેઓ શુદ્ધમાર્ગ રેખા અંકિત કરવા યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરી શકે એવા સંજોગોમાં હોઇ શકે તેઓનું વર્તન કેવું હોય એ જો આપણે જાણીએ તો તેવા થવાનો પ્રયાસ કરવાનું-વિચાર કરવાનું આપણને સાધન મળે. સજ્જનના અનેક ગુણો શાસ્ત્રોમાં કહ્યા છે અને એ તરફ પ્રવૃત્તિ કરવા વારંવાર પ્રેરણા પણ કરી છે. એનાથી ઉલટું દુર્જનની નિંદા પણ અનેક સ્થાનકે કરી છે; એ સર્વનો સંગ્રહ કરવો મુશ્કેલ છે અને આવશ્યક પણ નથી. જૈનશાસ્ત્રકાર શું કહે છે તે પ્રથમ જોઇએ. શ્રી સોમપ્રભાચાર્ય સિંદૂરપ્રકરમાં કહે છે કે-

न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाघां न करोति नोज्झति नयं नौचित्यमुल्लंघय
त्युक्तोप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ॥

૧ સજ્જન પુરૂષ પારકા દૂષણને બોલતો નથી; ૨ પરના થોડા પણ ગુણોને નિરંતર કહે છે; ૩ બીજાની સંપત્તિ જોઇ પોતે અસંતોષી થતો નથી તેમજ તેનાપર મત્સર ધારણ કરતો નથી; ૪ બીજા પ્રાણીને પીડા થતી જોઇ પોતાનેજ પીડા થતી હોય એમ શોક ધારણ કરે છે એટલે પારકા દુઃખે દુઃખી થાય છે; ૫ આત્મપ્રશંસા કદિ પણ કરતો નથી; ૬ વિનયનો ત્યાગ કરતો નથી; ૭ યોગ્યતાનું ઉલ્લંઘન કરતો નથી; ૮ તેને કોઇ અપ્રિય વચન કહે તો પણ ક્રોધ કરતો નથી."

આટલા ઉપરથી જણાય છે કે સત્પુરૂષો પોતાની જાતનો વિચાર કરતા નથી પરંતુ પારકાનોજ વિચાર કરે છે. એ વિચારથી પોતાની જાતને પરિણામે લાભ થશે કે નુકશાન થશે તેનો તો ખાસ વિચાર કરે છે, પણ વિચાર કરતી વખતે પોતાની સગવડ કે ઐહિક સ્વાર્થ ઉપર દૃષ્ટિ રાખતા નથી. આવી રીતે અનેક પ્રકારે સજ્જનના ગુણો શાસ્ત્રકારે બતાવ્યા છે. ટુંકામાં કહીએ તો જે જે સર્વમાન્ય સદ્ગુણો છે તે જેટલે અંશે જેનામાં હોય તે તેટલે અંશે સજ્જન કહેવાય છે; આવી રીતે સજ્જન અને ગુણોનું સર્વમાન્યપણું છે તેથી આપણે અમુક શાસ્ત્રના વિચારો તરફ દોરવાઇ જઇએ તેના કરતાં સર્વ જન સંમત વિચારો તરફ દોરવાઇએ તો વિષય સર્વદેશિક થાય તે હેતુથી સજ્જનની બાબતમાં રાજર્ષિ **ભર્તૃહરીએ** જે વિચારો બતાવ્યા છે તે આપણે જોઇએ. એ કવિના વિચારો આ માસિકના મુખપૃષ્ટપર આ વરસે ચક્ષુ સમીપ થાય છે તેથી તે તરફ વિચાર કરવા પ્રેરણા થાય છે. સજ્જન કેવા હોય તેને માટે તેઓ જે કહે છે (જુઓ મુખ્ય પૃષ્ટ પર નો શ્લોક) તેનું પ્રથક્કરણ કરતાં જણાય છે કે સજ્જનનાં બાર લક્ષણ છે.

| | |
|---|---|
| ૧ તૃષ્ણા છેદ | ૨ ક્ષમાનો આદર. |
| ૩ મદ ત્યાગ. | ૪ પાપપર અરૂચિ. |
| ૫ સત્ય વચનોચ્ચાર. | ૬ સાધુપદ અનુસરણ. |
| ૭ વિદ્વાનોનું સેવન. | ૮ માન્ય પુરૂષોને માન. |
| ૯ શત્રુપર સમભાવ. | ૧૦ સ્વગુણ આચ્છાદન. |
| ૧૧ કીર્તિપાલન. | ૧૨ દુઃખીપર કરૂણા. |

આ બાર વિષયો તરફ જો શુદ્ધ હૃદયથી, આત્મભાવે, દેખાડો કરવાની ઇચ્છા વગર ધ્યાન રાખવામાં આવે, વિચાર કરવામાં આવે અને વર્તન કરવામાં આવે અને છેવટે એ બાબત સ્વભાવિક વર્તન જેવી થઇ જાય, એમ કરવાનીજ ટેવ પડી જાય તો પછી કોઇ પણ પ્રકારની અગવડ વગર ઉન્નતિક્રમના સ્થાનક પર પદે પદે આરોહ કરતો આ જીવ છેવટે સજ્જનનું સ્થાન અથવા જીવનનું શુદ્ધ સાધ્યબિંદુ પ્રાપ્ત કરે. આ બાર વિષયો

એટલા પ્રૌઢ અનુભવથી લખાયેલા છે કે એમાં સીધી કે આડકતરી રીતે સર્વ ગુણોનો સમાવેશ થઇ જાય છે. એને પ્રાપ્ત કરવાં એ સજ્જન થવાનો ઉપાય છે અને પ્રયાસ માત્રમાં પણ સજ્જનપણું છે અને પરાકાષ્ઠાએ ઉત્કૃષ્ટ પદ પ્રાપ્તિ છે. એ સર્વ લક્ષણોપર વિચાર કરવાની સર્વ મુમુક્ષુઓને વિજ્ઞપ્તિ છે. સજ્જનતાથી આ ભવમાં અને પરભવમાં અનેક પ્રકારના લાભ થાય છે.

અનુભવીઓ કહે છે કે—

**सौजन्यमेव विदधाति यशश्चयं च,**
**स्वश्रेयसं च विभवं च भवक्षयं च ।**

'સજ્જનતા યશ, સ્વકલ્યાણ, વૈભવ અને છેવટે ભવક્ષય (મુક્તિ) પણ આપે છે.' આવી રીતે ઐહિક પારલૌકિક લાભ કરનાર સજ્જનપણું પ્રાપ્ત કરવું એ ખાસ જરૂરનું છે એટલુંજ નહિ પણ પ્રત્યેક મુમુક્ષુની ખાસ ફરજ છે. એટલા માટે એના લક્ષણપર વારંવાર વિચાર કરવો, અને પ્રસંગ, શક્તિ તથા સંજોગ અનુસાર તે ગુણો ગ્રહણ કરવા એ ખાસ કર્તવ્ય છે. આપણે પણ તેમાંના કોઇ કોઇ ગુણોપર અવકાશે વિચાર કરશું.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ,**
**બી. એ., એલ્. એલ્. બી.**

# સદુપદેશ સાર.

**(લેખક સન્મિત્ર કર્પૂરવિજય.)**

૧ શ્વેતાંબર, દિગંબર, બુદ્ધ અથવા કોઇ પણ સમભાવ ભાવિતાત્મા છતોજ નિઃસંશય મોક્ષ પામશે—મોક્ષાધિકારી થશે. સમભાવ વિના મોક્ષ નથીજ.

૨ અષ્ટાદશ (અઢાર) દોષ રહિતજ દેવ, નિપુણ દયાયુક્તજ ધર્મ અને આરંભ પરિગ્રહ રહિત બ્રહ્મચારીજ ગુરૂ જીવને તારે છે—તારી શકે છે.

૩ અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય, ચોરી, મત્સર, ભય, પ્રાણિવધ, પ્રેમક્રીડા, સ્ત્રીપ્રસંગ અને હાસ્ય એ અઢાર દુષણ છે. અન્યત્ર અન્ય રીતે પણ અઢાર દુષણ કહ્યાં છે. ઉક્ત સર્વ દુષણ રહિતજ દેવાધિદેવ હોય છે; તેમને અમારો નમસ્કાર થાઓ.

૪ સર્વ નદીઓ જેમ સાયર (સમુદ્ર) ને મળે છે તેમ સર્વે ધર્મો (દર્શનો) પૂજ્ય-પવિત્ર અહિંસાને મળે છે-સ્વીકારે છે. પવિત્ર દયાવડેજ ધર્મ ગણાય છે. જ્યાં પવિત્ર દયાજ નથી ત્યાં ધર્મ પણ નથી-હોઇ શકેજ નહિ.

૫ પોતાના શરીરમાં પણ સ્પૃહા રહિત, બાહ્યાંતર પરિગ્રહથી મૂકાયેલા, ધર્મોપકરણ માત્ર ચારિત્ર રક્ષાર્થે ધારણ કરતા, પાંચે ઈંદ્રિયને દમનારા, જિનોક્ત સિદ્ધાંત-રહસ્યના જાણ અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિના ધારક-પાલક એવા ગુરૂમહારાજજ શરણ કરવા યોગ્ય છે.

૬ પાસથ્થા, અવસન્ના, કુશીલિયા, સંસકત અને યથાછંદા એ પાંચે જિનમતમાં અવંદનીક કહ્યા છે; કેમકે તે સર્વે સત્ય માર્ગથી વિમુખ છે.

૭ પાસથ્થાદિક પાંચમાંથી કોઇને વંદન કરનારને કીર્તિ કે નિર્જરાનો લાભ થતો નથી. ફકત કાયક્લેશ થાય છે, અશુભ કર્મ બંધાય છે, અને પ્રભુની પવિત્ર આજ્ઞાભંગનું મોટું પાપ લાગે છે. એ સર્વ વિચારવા યોગ્ય છે.

૮ જેમ લોઢાની શિલા પોતાને અને વળગેલા પુરૂષને પણ પાણીમાં બોળે છે તેમ આરંભ-પરિગ્રહ યુકત ગુરૂ પણ સ્વપરને ભવસાયરમાં ડુબાવે છે. તેવા કુગુરૂ પોતે પોતાને તારી શકતા નથી તેમજ નથી અન્યને તારી શકતા; તે તો કેવળ ઉભયનું અહિતજ કરે છે.

૯ તેવા ભ્રષ્ટાચારીની વંદના-સ્તુતિ કરનાર તેના પ્રમાદને પોષનાર થાય છે.

૧૦ પૂર્વે કહેલા ૧૮ દોષ રહિત અરિહંતજ મારા ઈષ્ટદેવ, પૂર્વોકત ગુણવાળા સુસાધુજ મારા ગુરૂ અને પવિત્ર દયાયુકત શ્રી

જિનશાસનજ મારે પ્રમાણ છે. એવા શુભ ભાવને સર્વજ્ઞ ભગવાન 'સમકિત' કહે છે.

૧૧ ઇંદ્રપણું મળવું સુલભ છે, રાજાપણું મળવું સુલભ છે, પરંતુ દુર્લભ રત્ન (ચિંતામણિ) જેવું સમકિત સાંપડવુંજ દુર્લભ છે.

૧૨ સમકિત પામ્યે છતે જો તેને પ્રમાદથી ગુમાવી ન નાંખે અથવા સમકિત પામ્યા પહેલાંજ આયુષ બંધાયું ન હોય તો વૈમાનિક દેવનુંજ આયુષ્ય બાંધે.

૧૩ એક જણ લક્ષગમે સુવર્ણનું દાન આપે અને એકજણ સમતાભાવે સામાયક કરે તે બેમાં પહેલો બીજાની હોડે આવી શકે નહિ. સમતાભાવે સામાયિક કરવાનો લાભ ઘણોજ અધિક છે. માટે સમભાવ વિશેષે સેવવો યુક્ત છે. સમતાભાવિત સામાયકવંત શ્રાવક સાધુ સદૃશ શાસ્ત્રમાં કહ્યા છે.

૧૪ સામાયકવંત જીવે નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાન કરનારમાં તથા સ્વજન અને પરજનમાં સમાનભાવ રાખવો જોઇએ. તેવા સંયોગોમાં રાગદ્વેષરૂપ વિષમતા ધારવી જોઇએ નહિ.

૧૫ સામાયક ગ્રહણ કરીને જે આર્ત રૌદ્ર ધ્યાનયુકત થઇ ગૃહકાર્ય ચિંતવે છે તેનું સામાયિક નિષ્ફળ સમજવું. શુભ ઉપયોગે ધર્મ છે.

૧૬ પ્રતિરૂપાદિક ૧૪ ગુણ, ક્ષમાદિક ૧૦ ગુણ અને ૧૨ ભાવના એ સૂરિ (આચાર્ય) ના ૩૬ ગુણો છે. બીજા બહુ પ્રકારે સૂરિગુણો શાસ્ત્રમાં વર્ણવ્યા છે.

૧૭ રાત્રિભોજનના સર્વથા ત્યાગયુકત પાંચ મહાવ્રત અને ષટ્કાય જીવોની રક્ષા, પાંચે ઇંદ્રિય અને લોભનો નિગ્રહ, ક્ષમા, ભાવવિશુદ્ધિ તથા પ્રતિલેખનાદિક ધર્મકરણીમાં વિશુદ્ધિ, સંયમ યોગ યુકતતા, અકુશલ મન, વાચ, કાયાનો સંવર, શીતાદિક પીડાનું સહેવું અને મર્ણાંત ઉપસર્ગનું સહેવું એ ૨૭ ગુણોવડે જે સાધુ વિભૂષિત છે તેને ભકિતયુકત હૃદયે કરી, રે જીવ! તું પ્રણમ!!!

૧૮ ધર્મરત્નને યોગ્ય આવા ગુણવાળા જીવો કહ્યા છે;—
૧ ક્ષુદ્રતા–પરછિદ્રાન્વેષિતા રહિત. ૨ સુંદરાકૃતિ–સુશ્લિષ્ટાવયવવાન
૩ પ્રકૃત્યા સૌમ્ય–શાંતિકારી. ૪ લોકપ્રિય.

૫ અક્રૂર. ૬ પાપભીરૂ, ભવભીરૂ.
૭ કપટ રહિત. ૮ દાક્ષણ્યતાવાળા.
૯ લજ્જાળુ. ૧૦ દયાળુ.
૧૧ સૌમ્યદૃષ્ટિ–મધ્યસ્થ. ૧૨ ગુણરાગી.
૧૩ સત્યવાદી–સત્યપ્રિય. ૧૪ ધર્મી કુટુંબવાળો.
૧૫ દીર્ઘદર્શી. ૧૬ વિશેષજ્ઞ.
૧૭ વૃદ્ધાનુગત–વૃદ્ધાનુસારી. (શિષ્ટાનુયાયી). ૧૮ વિનયવંત–ઉચિત સેવાકારી.
૧૯ કૃતજ્ઞ–હિતજ્ઞ. ૨૦ પરોપકારી.
૨૧ લબ્ધલક્ષ–સુનિપુણ–સાવધાન.

ઉક્ત ૨૧ ગુણયુક્ત આત્મા ધર્મરત્નનો સંપૂર્ણ અધિકારી છે, તેમજ અર્ધયુક્ત એટલે ૧૦ ઉપરાંત ગુણવાળો પણ ધર્મને યોગ્યજ કહ્યો છે; એમ સમજી તાત્ત્વિક ધર્મના અર્થી જનોએ ઉક્ત ગુણોનોજ પ્રથમ ખપ–અભ્યાસ કરવો ઉપયુક્ત છે. તે લક્ષ બહાર રહેવું જોઇએ નહિ.

૧૯ આવો સદ્બોધ–સત્ય–નિર્મળ બોધ આપ્તાગમ દ્વારાજ થઇ શકે છે. સર્વજ્ઞના વિરહવાળા આ દુષમ કાળમાં આવા આપ્તાગમજ આધારભૂત છે. અહા! આવા આપ્તાગમ વિના આવા વિષમ કાળમાં જીવોના શા હાલ થાત?

૨૦ આગમને આદરતા એવા આત્મહિતૈષી જનોએ તીર્થનાથ, ગુરૂ અને ધર્મ તે સર્વેનું બહુમાન કર્યુંજ જાણવું. કેમકે આગમ તીર્થંકર પ્રણીતજ છે, અને તે પ્રભુની પવિત્ર આજ્ઞા રૂપજ હોવાથી તેનો આદર કરનાર શ્રી તીર્થનાથનોજ આદર કરે છે એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે.

૨૧ સુખશીળ, સ્વચ્છંદચારી અને મોક્ષમાર્ગના વેરી એવા આજ્ઞાભ્રષ્ટ બહુ જણાને પણ સંઘ ન કહેવો; એવો સંઘ હોય નહિ.

૨૨ એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા પણ આજ્ઞાયુક્ત હોય તેજ સંઘ કહેવાય. બાકીનો આજ્ઞાભ્રષ્ટ તો કેવળ હાડકાનો ઢગલોજ છે.

૨૩ નિર્મળ જ્ઞાનવડે પ્રધાન, સમકિત અને ચારિત્ર ગુણયુક્ત અને તીર્થંકરને પણ પૂજવા યોગ્ય એવો પવિત્ર આજ્ઞાપાલક શ્રી સંઘ કહેવાય છે.

૨૪ જેવું ફોફાંને ખાંડવું, જેવું મડાંને શણગારવું અને શૂન્ય અરણ્યમાં જઇને રોવું નિષ્ફળ છે તેવું આપ્તાગમની આજ્ઞા રહિત અનુષ્ઠાન સમજી લેવું.

૨૫ આજ્ઞાએ તપ, આજ્ઞાએ સંયમ, તેમજ આજ્ઞાએ (આજ્ઞા મુજબ કરેલું) દાન સફળ છે. આજ્ઞા રહિત ધર્મ પલાલના સમૂહ જેવો અસાર સમજવો.

૨૬ આજ્ઞાખંડન કરનાર કદાચ મહા વિભૂતિથી ત્રિકાળ પ્રભુને પૂજતો હોય તોપણુ તે સર્વ તેને નિષ્ફળ થાય છે. આજ્ઞા આરાધકનું સર્વ સફળ છે.

૨૭ રાજાની આજ્ઞાનો લોપનાર જગતમાં એક વખત નિગ્રહ (શિક્ષા) પામે છે અને સર્વજ્ઞની આજ્ઞા લોપનારને તો અનંતવાર શિક્ષા મળે છે. (જન્મ મરણ રૂપ).

૨૮ જેમ નિયમસર કરેલું ભોજન જીવાડે છે અને નિયમ રહિત કરેલું ભોજન મારે છે, તેમ વિધિપૂર્વક (આજ્ઞા સહિત) કરેલો ધર્મ મોક્ષસુખ આપે છે અને અવિધિથી (આજ્ઞાવિરૂદ્ધ) કરેલો ધર્મ સંસાર (જન્મ મરણ) ફળ અર્પે છે, એમ સમજી અવિધિ દોષ તજી વિધિ પૂર્વકજ ધર્મ આરાધવા તત્પર રહેવું. જેમ બને તેમ જલદી અવિધિ દોષ સમજી તજવા ખપ કરવો.

૨૯ મેરૂ અને સરસવમાં જેટલો અંતર છે તેટલો દ્રવ્ય અને ભાવ સ્તવમાં છે.

૩૦ દ્રવ્યસ્તવને આરાધી બહુમાં બહુ ૧૨મા દેવલોક અચ્યુત સુધી જઈ શકે છે, અને ભાવસ્તવથી તો કાચી બે ઘડીમાં મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે.

૩૧ શ્રાવક-ગૃહસ્થનો ધર્મ દ્રવ્યસ્તવ (અણુવ્રતાદિ, દ્રવ્યપૂજાદિ) રૂપ સમજવો અને નિર્ગ્રંથ-અનગારનો મહાવ્રતાદિક ધર્મ ભાવસ્તવ રૂપ જાણવો. પ્રથમ દ્રવ્યસ્તવ-ધર્મ સોપાધિક (ઉપાધિ

વાળો) છે અને બીજો ભાવસ્તવ-ધર્મનિરૂપાધિક છે, તેથી તે ધર્મ શુકલ ધ્યાન માટે વધારે અનુકૂળ છે.

૩૨ જે ગચ્છમાં સાધુઓ આચારભ્રષ્ટ થઇ ક્રયવિક્રય કરેછે તે ગચ્છને હે ગુણસાયર! તું વિષની પેરે દૂર પરિહર.

૩૩ જે ગચ્છમાં વસ્ત્રપાત્રાદિ વિવિધ ઉપગરણ સાધ્વીનાં આણી આપેલાં વાપરવામાં આવેછે તે, હે ગુણાકર! ગચ્છજ શાનો?

૩૪ જે ગચ્છમાં કારણયોગે પરાયા પણ ઘડેલા કે અણઘડેલા સોનાને સાધુઓ હાથવડે પણ છિપતા નથી તેનેજ અમે ગચ્છ કહીએ છીએ. સદાચારશૂન્ય ગચ્છને ગચ્છજ કહેવો યોગ્ય નથી.

૩૫ કોઇ કોટીગમે સુવર્ણનું દાન આપે, અથવા તો કોઈ કનકનું જિનભુવન કરાવે તેને પણ જેટલું પુણ્ય બ્રહ્મવ્રત ધારીને સંભવે છે તેટલું પુણ્ય સંભવતું નથી.

૩૬ શીલજ કુળનું આભરણ છે, શીળજ ઉત્તમ રૂપ છે, શીળજ ખરૂં પાંડિત્ય છે અને શીળજ અનુપમ ધર્મ છે. કેમકે તે ઉભય લોકમાં સુખહેતુક થાય છે.

૩૭ વ્યાધિ આવે તે સારો, મૃત્યુ સારૂં, નિર્ધનતા સારી તથા વનવાસ પણ સારો, પણ કુમિત્રો-દુર્જન યા મૂર્ખ મિત્રો સાથે સમાગમ સારો નહિ.

૩૮ અગીતાર્થ એવા કુશીલનો સંગ ત્રિવિધે ત્રિવિધે વોસરાવવો યોગ્ય છે, કેમકે તે મોક્ષમાર્ગમાં ચાલનારને વાટપાડુની પેઠે વિઘ્નભૂત થાય છે.

૩૯ આંબાનાં અને લિંબડાનાં મૂળ (જડ) એકત્ર મળ્યાં હોય તો સંસર્ગથી આંબો વિણસી કડવો થઇ જાય છે. કુશીલનો સંગ તેવોજ સમજવો.

૪૦ ઉત્તમ જનની સોબત શીલ (આચાર) ભ્રષ્ટને પણ સુશીલ બનાવી આપે છે. જુઓ! મેરૂ ગિરિને લાગલું તૃણ પણ સુવર્ણતાને નથી પામતું? સદાચારી સજ્જનોની સંગતની એજ બલિહારી છે.

૪૧ અગ્નિ, વિષ કે કાળો નાગ જીવને એવું નુકશાન કરી નથી શકતા, જેવું તીવ્ર-આકરૂં નુકશાન મિથ્યાત્વ કરી શકે છે. મિથ્યાત્વ સમાન કોઈ અહિતકર નથી.

૪૨ તત્ત્વમાં અતત્ત્વ બુદ્ધિ અને અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિજ મિથ્યાત્વ છે.

૪૩ વિવિધ કષ્ટ સહન કર્યા છતાં અને આત્માને દમ્યા છતાં આપમતિથી અલ્પ માત્ર પણ આજ્ઞા વિરૂદ્ધ વર્તન કરવાથી હે મૂઢ ! તું ભવસાયરમાં ડૂબે છે.

૪૪ ભવભીરૂ ગીતાર્થ નિર્ગ્રંથ ગુરૂજ ભવ્ય પ્રાણીને અવલંબવા યોગ્ય છે.

૪૫ તેમના અનુગ્રહથી ક્ષણવારમાં મિથ્યાત્વના ક્ષય થતાંજ સમકિત પ્રગટે છે.

૪૬ અપૂર્વ ચિંતામણિ સદૃશ સમકિત પામ્યાથી પ્રાણીને ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ઉચિતાનુચિત, હિતાહિત, ગુણદોષ તેમજ હેયોપાદેયના વિવેક થાય છે. તેથી–ગુણ–ગુણી તરફ સહજ પ્રેમભાવ પ્રગટે છે. તેમના પ્રસંગ મળતાંજ અત્યંત પ્રેમપૂર્વક વિનય સાચવે છે. તેમના સત્કાર સન્માન–ગૌરવ કરવા પોતાથી બનતું કરે છે; તે પણ પોતાના કલ્યાણ અર્થેજ કરે છે, લોકરંજનર્થે કરતા નથી. ક્રિયારૂચિ હોઇ યથાશક્તિ નમ્રપણે–આડંબર રહિત પોતાને ઉચિત ક્રિયા કરવા તત્પર રહે છે.

૪૭ ત્રસ અને સ્થાવર જીવની રક્ષા થાય તેવી જયણા ધર્મની જનેતા છે, ધર્મની રક્ષિકા છે, ધર્મની વૃદ્ધિ કરનારી છે, યાવત્ એકાંત સુખદાયી જયણાજ છે; એમ સમજી સુખના અર્થી શાણા સજ્જનોએ ચાલતાં, ઉઠતાં, બેસતાં, સૂતાં, ખાતાં, પીતાં અને બોલતાં કે એવી કંઇ પણ ક્રિયા કરતાં બીજા નિરપરાધી જીવોના જાન જોખમમાં ન આવે તેમ જયણાથી વર્તવું. સુખના અર્થી જનોએ કોઇ જીવને કોઇ રીતે કદાપિ પણ દુભવવા નહિ.

૪૮ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાય સંસારની વૃદ્ધિ કરાવે છે. મુહૂર્ત માત્ર કષાય કરનાર ક્રોડ પૂર્વ સુધીના ચારિત્રના ફળને હારી જાય છે, એમ સમજી શાણા માણસે કષાયને આધીન ન થવું યુક્ત છે.

૪૯ ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો, માયા

મિત્રાઇનો અને લોભ સર્વનો નાશ કરે છે; એમ સમજીને પણ ક્રોધાદિ કષાયને વશ થવું નહિ.

૫૦ ક્ષમાવડે ક્રોધનો, નમ્રતાવડે માનનો, સરલતાવડે માયાનો અને સંતોષવડે લોભનો જય કરવો. તેજ તેમને જીતવાનો ઉપાય છે. આ ઉપાય રામબાણ જેવો છે. કષાયને જીત્યા પછી થતું સુખ જેણે તેમને જીત્યા છે તેજ જાણે છે.

૫૧ સર્વ સુખનું મૂળ ક્ષમા છે અને ધર્મનું મૂળ પણ ઉત્તમ ક્ષમાજ છે. ક્ષમાજ મહા વિદ્યાની પેરે સર્વ દુરિત-ઉપદ્રવને હરી લે છે. એવી રીતે વિનય-નમ્રતા, સરલતા અને સંતોષ જન્ય ઉત્તમ સુખનો વિચાર કરી લેવો.

૫૨ સાધુ થઇને એક ઘરનો સંબંધ છોડી પાછો તેવોજ સંબંધ-પ્રતિબંધ અન્યત્ર જોડે છે, મમતા માંડે છે તેને પાપ શ્રમણ કહી શાસ્ત્રકાર બોલાવે છે.

૫૩ વિના કારણે દૂધ, દહીં, ઘી, ગોળ વિગેરે વિગઇઓ વાપરે-વારંવાર ખાય તેને પાપશ્રમણ કહ્યો છે. પુષ્ટ કારણે ગુરૂને પૂછીને જરૂર યોગ્ય વાપરે તેની વાત ન્યારી છે.

૫૪ સાધુ થઈ છતી શક્તિએ જ્ઞાનધ્યાન, તપજપ ન કરે તેને પણ પાપશ્રમણ કહ્યો છે. અપૂર્ણ.

## શેઠ પ્રેમચંદ રાયચંદનો સ્વર્ગવાસ.

જૈનકોમમાં માનવંતા, ઉદારતામાં અદ્વિતીય, સાદાઇમાં સૌથી શ્રેષ્ઠ, નિરભિમાનીની પ્રતિમા, દ્રવ્યોપાર્જનમાં અસાધારણ શક્તિમાન, દુનીઆને ડામાડોળ કરવા જેટલા પરાક્રમી, વ્યાપારના રસીઆ, શેરબજારના સરદાર, કેળવણીના ઉદાર સહાયક, પ્રાર્થના ભંગના ભીરૂ અને દેશનું પ્રકાશિત રત્ન શેઠ પ્રેમચંદ રાયચંદ ગયા ભાદ્રપદ માસની શુદિ ૧૩ ને શુક્રવારે મધ્યાન્હોત્તર બે કલાકે આ ફાની દુનીઆ તજી ગયા છે. આ મહાન્ નરને માટે અનેક ન્યુસપેપરોમાં અને માસિકોમાં લખાઇ ગયું છે તેમજ તેની જીંદગીનું વર્ણન પણ જુદા જુદા રૂપે આલેખાઇ ગયું છે. એમણે કરેલી ઉદારતા લાખો રૂપીઆની એકેક રકમે હોવાથી

એકંદર ૬૦ થી ૭૦ લાખ રૂપીઆ પરમાર્થ કાર્યમાં વાપર્યાનું લીસ્ટ બહાર પડેલ છે. એઓ ૭૫ વર્ષની વયે પોતાના ભાયખાળા ઉપરના બંગલામાં કથાશેષ થયા છે. એમના સુપુત્ર ફકીરચંદના અકસ્માત મૃત્યુથી એમના હૃદય ઉપર અસહ્ય પ્રહાર પડ્યો હતો, છતાં જેવી સમાનતા ક્રોડોગમે દ્રવ્યના ગમનાગમનમાં રાખેલી તેવીજ એ દુઃખદાયક પ્રસંગે પણ રાખી હતી.

એ નરરત્નના ચરિત્ર ઉપરથી ઘણા પ્રકારના ધડા મળી શકે તેમ છે. કરોડોની દોલત થયા છતાં જેનામાં કિંચિત્ પણ અભિમાન આવેલ નહીં એવા પુરૂષની જોડ મળવી મુશ્કેલ છે. સંપત્તિમાં એક સરખી વૃત્તિ, એક સરખી સાદાઈ અને એક સરખો બાહ્ય દેખાવ રાખનાર મનુષ્ય ક્વચિતજ દૃષ્ટિએ પડેછે. કરોડોની દોલત વખતે પણ દેશી પગરખાં, એક ઘોડાની ગાડી અને કાગળની ચીનાઇ છત્રી કાયમ રાખી હતી. વ્યાપારના વિષયની એમની પ્રવીણતા અદ્વિતીય લેખાતી હતી. એક વખત એવો પણ હતો કે "આજતો આ ભાવ છે, કાલની વાત પ્રેમચંદ જાણે" એમ એક અવાજે બોલાતું હતું.

ધાર્મિક પ્રવૃત્તિ જો કે સાધારણ હતી પરંતુ ધાર્મિક કાર્યોમાં દ્રવ્યનો વ્યય કરવામાં અસાધારણ ઉદાર હતા. તેમણે અનેક ધર્મશાળાઓ બંધાવી છે, પોતે યાત્રાદિ પ્રસંગે જ્યાં જ્યાં ગયા હતા ત્યાં ત્યાં જેટલી જેટલી માગણી તેટલું તેટલું દ્રવ્ય આપ્યું હતું. ધાર્મિક પ્રસંગનું દેવું રાખવાની તો ટેવજ નહોતી. મુંબઇમાં મળેલી બીજી કોન્ફરન્સ વખતે નિરાશ્રિત ફંડમાં રૂ. ૫૦૦૦) આપીને ફંડ ઉઘાડવાની પહેલ એમણે કરી હતી. જેને પરિણામે સવાલાખ રૂપીઆ થયા હતા. ફકીરભાઈની પાછળ પણ રૂપીઆ ચારહજારની રકમ કેળવણીને અંગે કોન્ફરન્સને આપી હતી. તે શિવાય બીજાં પણ અનેક કાર્યોમાં તેમણે દ્રવ્યવ્યય કરેલોછે.

મુંબાઇ અને કલકત્તાની યુનીવર્સીટીમાં લાખો રૂપીઆની રકમ એક સાથેજ આપેલી છે. બીજી પણ ઘણી સખાવત કોઇ પ્રકારનો ભેદભાવ રાખ્યા શિવાય તેમણે કરી છે જેનું વર્ણન બીજા ન્યુસોમાં આવી ગયેલ હોવાથી અહીં કરવામાં આવતું નથી.

અભિમાન કે ક્રોધવાળી વાકયરચના તો એમના મુખમાંથી નીકળતીજ નહોતી. દ્રવ્યની ચંચળતાનો એમને પુરેપુરો અનુભવ થયેલો હતો તેથી જ્યારે દ્રવ્ય મળતું ત્યારે તેનાપર અત્યંત મુર્છા ન રાખતાં તેની યોગ્ય વ્યવસ્થા કરવામાં પછાત રહેતા નહોતા.

એમની પાછળ એમના પુત્ર તથા પૌત્રાદિ એ નરરત્નને પગલે ચાલી, સાદાઇનો સ્વીકાર કરી, ઉદારતાને આગળ કરી જૈન વર્ગમાં અગ્રપદને ભોગવે એવું ઇચ્છીએ છીએ, અને અંતઃકરણથી તેમને દિલાસો આપીએ છીએ.

જૈન વર્ગમાં આ પુરૂષની મોટી ખોટ પડી છે, અત્યારે એમની ખોટ પુરી પાડે તેવો કોઇ પુરૂષ મુંબઇ શેહેરમાં દૃષ્ટિગોચર થતો નથી. જો તેઓ ધારત તો સરકાર તરફથી અનેક પ્રકારનું માન અકરામ મેળવી શકત પણ તેની તો તેમને સ્પૃહાજ નહોતી. મુંબાઇમાં મળેલી કોન્ફરન્સ વખતે એમને અસાધારણ માન મળ્યું હતું અને તેથી પણ ઉંચા પ્રકારનું માન મળવાનો સંભવ હતો, પરંતુ આયુષ્યની પૂર્ણાહુતીએ તેવો પ્રસંગ આવવા દીધો નથી.

આ પુરૂષના સદ્ગુણોનું અનુકરણ કરવાની ભલામણ કરી આ લઘુ લેખ પૂર્ણ કરીએ છીએ.

## એક સભાસદનું ખેદકારક મરણ.

શ્રી ગોઘાનિવાસી સંઘવી વીઠલદાસ લલુભાઇ પોતાની ૨૯ વર્ષની વયે માત્ર ૫-૭ દિવસના તાવમાં પંચત્વ પામ્યા છે. એઓ સારા ધર્મચુસ્ત હતા. ઉત્તમ કુળના સંસર્ગથી ધાર્મિક પ્રવૃત્તિ પણ સારી હતી. આગળ ઉપર વધારે સારી સ્થિતિ પ્રાપ્ત થવા સંભવ હતો છતાં આયુષ્યની અસ્થિરતાએ બધી વાત સમાવી દીધી છે. સંતતીમાં માત્ર બે પુત્રીઓજ છે. એમના પિતા, પિતામહ તથા બંધુઓ વિગેરેને દિલાસો આપવા સાથે ધાર્મિક પ્રવૃત્તિમાં વૃદ્ધિ કરવા સુચવીએ છીએ. ભાવી બળવાન છે. હવે દિલગીરી કરવી તે નિષ્ફળ છે, વિપત્તિને વખતે ધૈર્ય ધારણ કરવું તેજ ઉત્તમ જનોનું લક્ષણ છે.

## મુનિ મહારાજ શ્રી હંસવિજયજી સંવત ૧૯૫૭ ના ચૈત્ર શુદિ ૩ જે શ્રી બુરાનપુર પધારતાં તેઓ સાહેબના ઉપદેશથી જીર્ણોદ્ધાર માટે ઉપજ થઇ તેની વિગત.

૧૦૦) રાયબહાદુર ધનપતિસિંહજી. બાલુચર. વૈશાખ વદી ૮
૧૦) શા દેવજી ગોવીંદજીની કું. આશાડ વદી ૧
૩૦૧) મહાજન પેંઠના શ્રી શાંતિનાથજીના દેરાસરમાંથી શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાજી વળાવાળાને આપતાં તેમણે ભેટ તરીકે મુકયા. શ્રાવણ.
૨૫) શા. અમરચંદ અગરચંદ સં.૧૯૫૮ કાર્તિક શુદિ ૮
૫) શા. રાવતમલ ઝવેરીમલ કાર્તિક શુદિ ૮
૫) શા. સુજાનમલ પ્રેમચંદ કાર્તિક શુદિ ૮
૧૦૦) શા. શ્રીચંદ ઠાકોરદાસ હ. શીવકોરબાઇ કાર્તિક શુદિ ૧૦
૨૫) શા. ભાગચંદ રાયચંદ. આમલનેર કાર્તિક શુદિ ૧૪
૫૦) બાઈ મુનીઆબાઇ. જબલપુર કાર્તિક વદ ૨
૨૫) શા. અનુપચંદ મલુકચંદ. ભરૂચ માગશર સુદ ૧૧
૧) શા. નેમચંદભાઇ. સુરત માગશર શુદ ૧૧
૩) બાઇઓ ૩. ભરૂચ માગશર શુદ ૧૧
૫૦) શા.શીવજી દામજી હા.દેવજી ગોવીંદજી.મુંબાઇ માગશર શુદ ૧૫
૫૦) શા. ભુખણદાસ વેલચંદ. આમલનેર. માગશર વદ ૦))
૫૧) શા. મગનદાસ ખીમચંદશા ,, ,,
૮૦) શા. રૂપચંદ જેચંદ. હસ્તે રઘુનાથદાસ નેમીદાસજી ધર્મના કાઢેલા રૂપીયામાંથી આપ્યા છે.
૭૦) શા. ત્રીકમજી શીવજી. ભાટીયા
૫૯) શા. વીસનજી ખીમજી. ,, પોસ શુદ ૧૧
૪૬પા શેઠ ધર્મચંદ ઉદેચંદ ઝવેરી. સુરત પોસ વદ ૯
૧૦૦) શા. રતનચંદ પ્રેમચંદ તરફથી અંબાઇદાસ પ્રેમચંદ. એવલા.
૧૦૦) શા. નાનચંદ કીકાશા. હા. જ્ઞાનચંદ પોસ
૬૦) શા. ઉગરભાઈ. એવલાવાળા વિગેરે ,,

| | | |
|---|---|---|
| ૨૫) | શા. લાલચંદ ઉમેદશા. એવલા | પોસ |
| ૪૦) | શા. ઉત્તમચંદ મુળચંદ | પોસ વદ ૪ |
| ૧૦૦) | શેઠ જમનાભાઇના ભાઇ શા. લલુશા આલમચંદ મારફત શા. દગડુશા તીલોકચંદ. આમલનેર | માહ વદ ૯ |
| ૫) | શા. દગડુશા તીલોકચંદ ,, | ,, |
| ૨૦૦) | શા. સખારામભાઇ દુલભદાસ. ધુળીઆ | માહ વદ ૧ |
| ૨૦) | શા. રૂપચંદ મોહનચંદ. આમલનેર | માહ વદ ૨ |
| ૧૫૮) | શા. ચુનીલાલ કીશોરદાસ. શીરપુર | |
| ૧૩૮૫ાા=ાા | સં. ૧૯૫૭ ના ચૈત્ર શુદિ ૩ થી સં. ૧૯૬૦ સુધી પૂજાના નકરાના, આરતી મંગળદીવાના તથા પજુસણના ઘીના તથા દેરાસરની જગ્યાના ભાડા વિગેરેના. | |

૩૬૬૯)=ાા

### ઉપર જણાવેલા રૂપીઆ નીચે જણાવેલા દેરાસરોના જીર્ણોદ્ધારમાં ખરચાયા તેની વિગત.

૬૯૬ાા=ા શ્રી સીમંધરસ્વામીના દેરાસરમાં
૪ાા-ાા શ્રી શાંતિનાથજી, હલવાઇ ગલીમાં
૭૪૫ાા શ્રી શાંતિનાથજી. મહાજન પેંઠમાં
૧૩૦ા=ા શ્રી વાસુપૂજ્યજીના દેરામાં
૨૭૭ા=ાા શ્રી નેમિનાથજીના દેરામાં
૧૭ાા શ્રી સંભવનાથજી તથા ચિંતામણજીમાં
૨૦૪ાા= શ્રી ગોડીપાર્શ્વનાથજીમાં
૬૭૯ાા-ાા શ્રી ચંદ્રપ્રભુજીના દેરાશરમાં
૨૧૬ાા-ાા શ્રી શ્રેયાંસનાથજીના દેરામાં
૧૮૩ા૦ાા શ્રી આદીશ્વરજીના દેરામાં
૨૯ાા= શ્રી મુક્ષીપાર્શ્વનાથજીમાં
૪૮૧ાા૩ા સર્વ દેરાસરમાં સીમેન્ટ તથા કાળો પીળો આરસ વિગેરેના.
૦)=ાા મેમ્બરો પાસે

૩૬૬૯)=ાા

## વિદ્વાન જૈનો તથા અન્ય સત્ય શોધકો માટે ઉત્તમ તક.

### જ્ઞાન પામવા–આપવાનો અપૂર્વ લાભ.

નિર્જરાનું પરમ સાધન.

# ઈનામી નિબંધ.

ઇનામ. રૂ. ૪૦૦) ચારસો.

વિષય— સદ્દેવ તત્ત્વ, અને ઇશ્વર જગતકર્ત્તા નથી.

સૂચના.

૧–નિબંધ બુદ્ધિ પ્રકાશનાં દોઢસો પૃષ્ઠ જેટલો હોવો જોઇએ. શુદ્ધ ગુજરાતી ભાષામાં કાગળની એક બાજુએ વંચાય એવા દસ્કતથી લખવો.

૨–તા. ૩૧ ડીસેમ્બર ૧૯૦૭ સુધીમાં **મુંબઇ-માંડવીના** શિરનામે **મહેતા મનસુખલાલ વિ. કીરતચંદ** ઉપર મોકલી આપવો.

૩–નિબંધ લખનારે નિબંધ ઉપર પોતાની કોઈ કહેવત (Motto) લખવી. નામ અટક ન લખવાં. નામ–અટક કહેવત અને ઠામઠેકાણા સાથે જુદા કાગળ ઉપર જણાવવાં.

૪–નિબંધ પોતાની ભાષામાં લખાયલો અને પોતાની મહેનતનું પરિણામ હોવો જોઇએ. એકલા ઉતારા કામ નહિં આવે. બીજા ગ્રંથોની સહાય ભલે લેવામાં આવે. પણ તે ઉપરથી સ્વતંત્ર પર્યાલોચના કરી સ્વતંત્ર લેખ લખાવો જોઇએ.

૫–આ નિબંધ માટે હરિફાઇ કરનારાઓએ યોગ્ય ગ્રંથોની યથેચ્છ સહાય લેવી. ઘણા ગ્રંથો પૈકી નીચેના ખાસ સૂચવી શકાશેઃ—

* ૧ ષડ્દર્શન સમુચ્ચય.
* ૨ સ્યાદ્વાદ મંજરી.
* ૩ શ્રીમદ રાજચંદ્ર પ્રણીત "આત્મસિદ્ધિ."
× ૪ જૈન તત્વાદર્શ ૧–૨–૪ પરિચ્છેદ.
+ ૫ શ્રી રત્નાકર અવતારિકા.
+ ૬ "આપ્તમિમાંસા" અને "દેવાગમ સ્તોત્ર."
+ ૭ મોક્ષ માર્ગ પ્રકાશ.
* ૮ શ્રી દેવચંદ્રજી તથા આનંદઘનજીની ચોવિશિઓ. ઇત્યાદિ.

---

* ગુજરાતી છપાઇ ગયાછે. + હિંદી છપાયા છે + સંસ્કૃત છપાયા છે.
8 Not real. વાસ્તવિક નહિં પણ આરોપેલું.

૬–વિશેષ ખુલાસા, માહિતી માટે સૂચના બીજીમાં જણાવેલ ઠેકાણે પુછવું.

૭–ઉપર જણાવેલા ગ્રંથો પૈકીમાંથી ઉતારો ન કરવો. ઉતારો કરવામાં આવે, તો તે અસ્થાને કે અસંબદ્ધ ન હોવા જોઇએ. ઉતારાને "        " ચિન્હથી અંકિત કરવા.

૮–નિબંધના વિષયસંબંધી નીચેની બાબતોપર ખાસ ધ્યાન આપવું:—

(અ) સદ્દેવ કેવા હોવા ઘટે?

(બ) જગત્કર્ત્તા ઇશ્વર નથી.

(ક) જગત્ અનાદિ છે.

(ડ) છતાં સદ્દેવને વિષે ઔપચારિક કર્તૃત્વ શા માટે અને કેટલે અંશે આરોપવું આવશ્યક છે?

(ઇ) ઔપચારિક કર્તૃત્વ ન આરોપિયે, તો કંઇ હાનિ સંભવે છે? સંભવે, તો શી?

(ફ) સદ્દેવની પ્રતિમા ભક્તિની આવશ્યકતા.

આ વગેરે બાબતો તરફ ધ્યાન ખેંચવું યોગ્ય ગણ્યું છે.

૯–નિબંધો વિદ્વાન પુરૂષોની એક કમીટી તપાસશે.

૧૦–પાસ થયેલા નિબંધોમાંથી સૌથી ઉત્તમ નિંબધવાળાને ઇનામ મળશે.

૧૧–યોગ્ય લાગશે તો તે નિબંધ કમીટીના અભિપ્રાય મુજબ જરૂર જોગા સુધારા–વધારા સાથે પ્રગટ કરવામાં આવશે.

૧૨–કેળવાયલા જૈનો, ગ્રેજ્યુએટો અને અન્ય સત્ય શોધક વિદ્વાનો માટે પણ આ ઉત્તમ તક છે. આમાં ઇનામ અને જ્ઞાન એ બંને લાભ સમાયલા છે. પોતાનો નિબંધ કદાચ પહેલો ન આવે તેથી ઇનામનો લાભ ન મળે; પણ નિબંધ લખવા માટે જે જ્ઞાન વાંચવું વિચારવું પડશે, તે કાંઈ ઓછો લાભ નથી. આમ વિચારી જાણકાર ભાઇઓએ જ્ઞાન વાંચવા–વિચારવા અને નિબંધ માટેની હરીફાઇના મેદાનમાં કમર કસી ઉતરવું ઘટે છે.

તા. ૧–૯–૧૯૦૬–શનિવાર } લી. શા. અમરચંદ તલકચંદ.
મુંબઇ

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જૈન બાળાશ્રમ.

### વડોદરા.

માબાપ વગરનાં તેમજ સાધારણ સ્થિતિનાં માબાપનાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બાળકોને વડોદરા ખાતે જૈન બાળાશ્રમમાં રહેવાની, ખાવાની, કપડાં વિગેરેની તથા નિશાળોમાં અને કલા ભવન વિગેરે શાળાઓમાં ગુજરાતી અને અંગ્રેજી કેળવણી તથા હુન્નર ઉદ્યોગની કેળવણી માટે ખર્ચ આપવાની ગોઠવણ કરી આપવામાં આવશે.

તા. ૩૧ અકટોબર ૧૯૦૬ પહેલાં જેઓ અરજીઓ મોકલશે તેઓને સગવડ કરી આપવામાં આવશે; માટે લાભ લેવાની ઇચ્છા રાખનારાઓએ નીચે સહી કરનારાઓને સત્વર અરજીઓ મોકલવી.

શ્રી સંઘનો દાસ

માણેકલાલ ઘેલાભાઈ,

જીવણચંદ ધરમચંદ.

આ. જનરલ સેક્રેટરી.

---

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

જિર્ણ મંદિરોદ્ધાર કરવા માટે ગામેગામ ફરીને જીર્ણ દેરાસરોની તપાસ કરી, ગામવાળાને ઉપદેશ આપી ઓનરરી રીતે અથવા નાનો પગાર લઇને કામ કરવા સારૂ જૈન ગૃહસ્થની જરૂર છે. તેમને ભાડું ભથ્થું વિગેરે પરચુરણ તમામ ખર્ચ ઓફીસ તરફથી આપવામાં આવશે. આ પ્રમાણે કામ કરવાની જેઓની ઇચ્છા હોય તેમણે નીચે સહી કરનારને રૂબરૂ મળવું, યા પત્રવ્યવહાર કરવો.

આ. સેક્રેટરી

શ્રી જૈન શ્વેતાંતર કોન્ફરન્સ.

ચંપાગલી, મુંબઈ.

---

## પુસ્તકોની પહોંચ.

શ્રી રાધણપુર શ્રી મઘશીવિજયજી પુસ્તકાલય તરફથી શેઠ કમળશીભાઈ ગુલાબચંદ મારફત શ્રી જૈનધર્મ પ્રકાશના પાછલા પુસ્તકો ૧૨ ભેટ દાખલ મળ્યા છે તે આભાર સાથે સ્વીકારવામાં આવ્યા છે.

## જાહેર ખબર.

શ્રી ભાવનગરમાં જૈન વિદ્યાર્થીઓ જેઓ ગુજરાતી પહેલી ચોપડીથી ઇંગ્રેજી મેટ્રીક કલાસ સુધીમાં અભ્યાસ કરતા હોય તેઓ પૈકી ગરીબ સ્થિતિવાળા હોય તેમને અમારી તરફથી અભ્યાસના બુકો તથા ફી (જો માફી ન થાય તો) વિગેરેનો બંદોબસ્ત કરી આપવામાં આવશે. એવી જરૂર જણાયે બીજી મદદ પણ આપવામાં આવશે. સહાય ઈચ્છનારે શા. કુંવરજી આણંદજીને રૂબરૂમાં મળવું.

આણંદજી પરશોતમ.

ત્રીભુવનદાસ ભાણજી.

## પાંચ પદની અનાનુપુર્વી.

અમારા તરફથી છપાવવામાં આવેલ છે. કિંમત અરધો આનો. સો નકલ મંગાવનાર માટે રૂ.૨)

## નવા મેમ્બરોનાં નામ.

| | | | |
|---|---|---|---|
| ૧ | શા. પરભુદાસ કરમચંદ. | ભાવનગર | પહેલો વર્ગ |
| ૨ | શા. મોતીલાલ મહાસુખરામ | અમદાવાદ | ,, |
| ૩ | શા. ફુલચંદ બકોર | ભાવનગર | ,, |
| ૪ | શા. માણેકચંદ જેઠાભાઈ | ,, | બીજો વર્ગ |

## સભાસદોના સંબંધમાં નવા ઠરાવ.

આસો સુદ ૫ મે મળેલી શ્રી જૈનધર્મ પ્રસારક સભાની મેનેજીંગ કમીટીમાં નીચે જણાવેલા ઠરાવો કરવામાં આવ્યા છે.

૧ રૂ.૧) ની ઉપરની કિંમતવાળી બુકો સભા તરફથી જે બહાર પડે તે રૂ૧) કાપીને બાકીની કિંમત લઇ લાઇફ મેમ્બરને ભેટ તરીકે આપવી.

૨ કોઇ પણ બુક છપાવવામાં $\frac{3}{4}$ ભાગની મદદ કોઇ ગૃહસ્થ તરફથી મળી હોય તો તેની એકેક નકલ દરેક મેમ્બરને ભેટ તરીકે આપવી.